શ્રી સદુપદેશ કુસુમમાળા

પૂજ્ય શ્રી લાધાજી સ્વામી સ્મારક ગ્રંથમાળા
મણુકો ૩ જો.

શ્રી
સદુપદેશ કુસુમમાળા.

યોજક
મર્હુમ પૂજ્ય શ્રી લાધાજી સ્વામીના શિષ્ય
મુનિ શ્રી છોટાલાલજી.

પ્રકાશક
તેજશી કેશવજી વોરા
સમાગોગા-(કચ્છ).

વીર સં. ૨૪૪૨. વિ. સં. ૧૯૭૨. ઇ. સ. ૧૯૧૬.

આવૃત્તિ ૩ જી. પ્રત ૧૦૦૦.

મૂલ્ય સદુપયોગ.

પ્રજાબંધુ પ્રીન્ટીંગ વર્ક્સમાં
ઠાકોરલાલ પરમોદરાય ઠાકોરે છાપ્યું.
ઠે. જેઠાભાઇની પોળ, ખાડીઆ-અમદાવાદ.

ઉદ્દેશ.

'સદુપદેશ કુસુમમાળા' ની આ ત્રીજી આવૃત્તિ બહાર પાડવાની મારી ઇચ્છા તે પુસ્તકની ઉપયોગિતા ઉપરથી થતી વિશેષ માંગણીને લીધે જ જન્મ પામી છે. આવું નાના કદનું પુસ્તક ગજવામાં રાખવાથી અને ફુરસદ અથવા બીજી કોઇ વેળાએ તે વાંચવાથી મગજને ઘણી વિશ્રાંતિ મળે છે અને તેથી તેનો લાભ પ્રત્યેક જિજ્ઞાસુ લે તેટલા માટે તે વિનામૂલ્યે વહેંચવાની મને ઉત્કંઠા થઇ છે. મને વિશ્વાસ છે કે સુજ્ઞ મનુષ્યો જેમ ફુલની માળાથી કંઠને શોભાવે છે, તેમ આ કુસુમમાળાના વાચન, મનનવડે આત્માને શોભાવશે.

ગામગોગા (કચ્છ).
તા. ૨૦-૫-૧૯૧૬.

લી. ભવદીય
તેજશી કેશવજી વોરા.

સ્વર્ગવાસી બાળકુસુમ પોપટના
સ્મરણાર્થે આ 'સદુપદેશ કુસુ-
મમાળા' જિજ્ઞાસુઓને ભેટ
કરવામાં આવે છે.

પ્રસ્તાવના.

પ્રિય વાંચક વૃંદ!

મળેલી સંપદા કે મેળવેલી વિદ્યા જો પરહિતાર્થે ઉપયોગમાં ન આવે તો એ બંને વ્યર્થ છે એમ ધારીનેજ શ્રીમંતો અને વિદ્વાનો પોતપોતાને મળેલી સામગ્રીનો યથાશક્તિ ઉપયોગ કરે છે, તે ખરેખર અભિનંદનીય છે.

આ લેખકમાં એવી વિદ્વત્તા નથી કે લખાણમાં દોષ, ભૂલ, કે અપૂર્ણતા નજ હોય; અનેક ભૂલો અને દોષો છે એમ જાણવા છતાં જે કાંઇ મહાત્માની અને સદ્ગુરૂની કૃપાથી મેળવેલ તેનો યથાશક્તિ લાભ જનસમૂહને આપવા આ પ્રવૃત્તિ થઇ છે.

ચંદનની કે મોતીની માળામાં જેમ દોરો પરોવાય છે અને માળા ગણનાર એક પછી એક મણકો ફેરવે છે તેમ વચનરૂપ દોરામાં પરોવાયલી આ ' કુ-

સુમમાળા' માં પણ એકસો ને બત્રીશ કુસુમો છે; તે પણ એક પછી એક વંચાય છે, અને મનન કરાય છે, તો સુજ્ઞ મનુષ્યોને વાંચવા વિચારવા અને પોતાની સ્થિતિને અનુકુળ લાગે તે ગ્રહણ કરવા આ લેખક-નો પૂર્ણ આગ્રહ છે. ॥ ગુણા ગુણજ્ઞેષુ ગુણા ભવન્તિ ॥ ગુણી પુરૂષો હરેકમાં ગુણ શોધે છે અને એ ગુ-ણોને ગૃહણ કરી પોતે ગુણમય બનવા પ્રયત્ન કરે છે, માટે "હંસચંચૂવત્" દ્રષ્ટિ રાખી લેવાય તો ગુણ લેવો, પણ અવગુણ તો લેવો જ નહિ. મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે તો તેની તરફ લક્ષ આપવા કરતાં તેના ગુણો તરફ લક્ષ આપવું એ વધારે ઉત્તમ છે.

વીર સંવત ૨૪૪૧ પોષ વદી ૫ ને બુધવાર.	લી. સંત ચરણ સેવક **મુનિ છોટાલાલજી.**

અર્પણ.

પૂજય પંડિતરત્ન મહારાજ
શ્રી ઉત્તમચંદ્રજી સ્વામી.

વહિલ ગુરૂ બંધુ !

અજ્ઞાનરૂપ દુર્ગંધમાં સડતા મહારા જેવા અલ્પજ્ઞને આપે દયા કરી જ્ઞાન રૂપ બગીચા (વાડી) ના દર્શન કરાવ્યા, એટલું નહિ પરંતુ તે બગીચામાં રહેલ વિવિધ પ્રકારનાં કુસુમોની પરાગનો ભોગી બનાવ્યો; તેથી મને જે આનંદ થયો છે તે અવાચ્ય છે અને એ અવર્ણનીય આનંદના જુસ્સામા તૈયાર કરેલ આ 'કુસુમમાળા' આપને સપ્રેમ અર્પણ કરૂં છું તે સ્વીકારવા કૃપા કરશો.

શ્રાવણ સુદી પૂર્ણીમા.
વીર સં. ૨૪૩૮

લી.
આપનો લઘુ બંધુ
મુનિ છોટાલાલજી.

'કુસુમ'ને

*　*　*　*

કંઈ ભક્ત તને પ્રભુ પાય વિષે
ધરીને સ્તવશે પછી લીન થશે

*　*　*　*

કંઇ પ્રેમી તને મધુરાં ફુલડાં
નિજ પ્રેમગૃહે કર પ્રેમી દીયે

*　*　*　*

કંઈ મિત્ર. તને નિજ મિત્ર કરે
દઈ જાય અને સ્મર સ્નેહ કહે
જન વીર ગ્રહે નિજ ભોગ દઈ
શુભ ફુલ અરે! તુજ આવી ગાત?

મંજુલ.

ॐ वीर

શ્રી સદુપદેશ કુસુમમાળા.

૧ જેનું જીવન પરોપકાર માટેજ નિર્માણ થએલ છે અને જેણે જીવન પર્યંત પરોપકાર જ કર્યો છે, જેના પ્રતાપે આપણે આપણું આધ્યાત્મિક જીવન ગુજારવાને શક્તિમાન થઇએ છીએ, એવા પ્રતાપી વીરને મ્હારા નમસ્કાર હો.

૨ જ્યાંસુધી આત્મિક જ્ઞાન પ્રાપ્ત કર્યું નથી ત્યાંસુધી બ્હારનું અતિજ્ઞાન પણ અલ્પ છે.

૩ બ્હારની ઓળખાણ કર્યા પ્હેલાં અંદર (આત્મા) ની પિછાણ કરવી એ અગત્યની બીના છે.

૪ બ્હારનો દંભ જોઇ પતંગીયાની માફક ઝીપલાવ નહિ, સત્યની તપાસ કરજે.

૫ જે પૂર્ણ જ્ઞાની છે તેજ પૂર્ણ વૈરાગ્યવંત છે, એમ શાસ્ત્રકાર કહે છે, કારણકે આત્મિક જ્ઞાન વગર વૈરાગ્ય લગભગ વૃથા છે.

૬ વિષય અને અજ્ઞાન એ સંસારમાં રખડાવી મારનાર બે જબરદસ્ત લુંટારા છે.

૭ જે આગળ વધતાં અટકાવે છે, અને અધોગતિએ જવામાં સ્હાય કરે છે તેજ દુર્ગુણ છે; અને જે ઉન્નત થવામાં અને એક અવિરોધ બનાવવામાં સ્હાય કરે છે તેજ સદ્‍ગુણ છે.

૮ પૂર્ણ વિદ્વાન થવા છતાં જો દુઃખકર તૃષ્ણા દૂર ન થાય તો એ વિદ્વત્તા આત્મશ્રેય કરનાર નથી એમ નિશ્ચયથી સમજ.

૯ वसुधैव कुटुंबकं એ વિશાળ શબ્દનો ત્યાગ કરી માત્ર "હું" એ એક અને વાંકા અક્ષરને વળગીશ નહિ.

૧૦ પરમાર્થમાંજ સ્વાર્થ સમાયલો છે, એ વાક્ય ત્હારા હૃદયપટમાં કોતરી રાખ.

૧૧ સંસારને સુખમય બનાવવા માટે માત્ર બે રસ્તા છે: બે વાક્યનોજ ઉપયોગ કર (૧) મ્હોટા પ્રત્યે માનની દષ્ટિથી જોવું અને (૨) ન્હાના પ્રત્યે ક્ષમાવાન થવું.

૧૨ એક બીજાની ખુશામત કરવામાં ઘણા મા-
ણુસો કુશળ હોય છે પણ તેમ કરવામાં તેનો કાંઇક સ્વાર્થ હોવો જોઇએ. સ્વાર્થ સિવાય કોઇ ખુશામત કરે જ નહિ.

૧૩ બ્હારની પ્રવૃત્તિ જેટલું નુકશાન નથી કરતી તેથી સહસ્ત્રગુણી અંદરની કુટિલ પ્રવૃત્તિ નુકશાન કરે છે.

૧૪ ઉત્તમ પુરૂષો પ્રાણાન્તે પણ આરંભેલા કાર્યને અધવચ મૂકતા નથી માટે કોઇ પણ સત્કાર્ય કરતાં નિરૂત્સાહી ન થઇશ, ઉદ્યમ અને તીવ્રેચ્છાથી આ-રંભેલું કાર્ય અવશ્ય પૂર્ણ થાય છે.

૧૫ બ્હારની સુંદરતાપર મોહ રાખનારને પ-રિણામે પસ્તાવું પડે છે.

૧૬ બીજાનું સારૂં કરવું એ જીવવું છે. બીજાનું સારૂં નહિ કરવું એ જીવવું નહિ પણ મરવું છે.

૧૭ વચન હર વખતે એવું કાઢવું કે પરિણામે આપણને જ બાધકર્તા થઇ ન પડે, અને પસ્તાવું પણ ન પડે, વળી જેથી અન્યને દુઃખ ઉત્પન્ન થાય અને પોતાને પણ લાભ ન હોય તેવું વચન કાઢવું

નહિ. પૂર્વાચાર્યો કહે છે કે "સત્ય અને પ્રિય હોય તેજ બોલવું. પણ અસત્ય એવું પ્રિય કે સત્ય એવું અપ્રિય વચન કદાપિ બોલવું નહિ."

૧૮ બ્હારની અગ્નિ કોઇ પ્રસંગેજ પ્રજાળે છે પણ ક્રોધાગ્નિ અજ્ઞાનીને અખંડિત બાળ્યાજ કરે છે.

૧૯ જે વસ્તુ આત્માનું અહિત કરનાર છે, તેના માટે લાંબા પ્હોળા વિચાર છોડી દઇ "ત્યાગ કર" એ શબ્દનોજ ઉપયોગ કર.

૨૦ સદ્‌ગુરૂની પિછાણ કરી તેની સેવામાં ત્હારૂં સર્વસ્વ અર્પણ કર.

૨૧ દુનિયામાં સર્વ સુખ અને આનંદ અર્પનાર જો કોઇ પણ વસ્તુ હયાતી ધરાવતી હોય તો માત્ર 'વિશુદ્ધ પ્રેમ'જ છે. માટે મનુષ્યે શુદ્ધ પ્રેમના ભોક્તા થવા ખંતથી પ્રયત્ન કરવા ચૂકવું નહિ, કારણકે જે-નામાં પ્રેમ છે તેજ જીવે છે. બાકીના મરેલાજ છે.

૨૨ એવાં શાસ્ત્રોનું મનન કર કે જેથી આ-ત્મહિત કરવા અને પરોપકાર કરવા તને તીવ્ર ઇચ્છા થાય.

૨૩ જે વસ્તુ પારકી છે તેને પોતાની માનનારને શું મૂર્ખ નહિ કહેવાય? ધન, માલ, સ્ત્રી, પુત્ર અને છેવટે શરીર એ જ્યારે પોતાનાં નથી છતાં આત્મા તેને પોતાનાં માને એ કેટલી ભૂલ? એ પોતાનાં હોય તો કોઈ પણ વખતે જુદા પડેજ કેમ?

૨૪ જાહેર હિમ્મત એ મોટામાં મોટો સદ્‌ગુણ છે.

૨૫ ન્હાના જીવોનું રક્ષણ કરવું અને મોટાને મારવા (વિશ્વાસઘાત, દગલબાજી, કૃતઘ્નતા, ઇત્યાદિ કાર્યો કરવાં તે ઘાત કરવા બરાબર છે) પછી પોતાને વીર પિતાના પુત્ર તરીકે નામ ધરાવવું તે વેશ્યાએ સતીનું નામ ધરાવવા બરાબર છે.

૨૬ બીજી જાતના ધર્મ કર્યા પ્હેલાં સહુથી ઉત્કૃષ્ટ અને અતિ અગત્યનું એવું 'દાન' ધર્મ આદર, એમાં દરેક સત્કાર્યનો સમાવેશ થઇ શકે છે. 'દાન' માં પણ અભયદાન અને વિદ્યાદાન સર્વોત્તમ છે, માટે યથાશક્તિ દાનમાં પ્રવૃત્તિ કર.

૨૭ દુનિયામાં કેટલાંએક એવાં મનુષ્યો હોય છે કે અન્યની ઉત્ક્રાન્તિ જોઇ તેનું હૃદય બળી ખાખ થાય છે અને એ ઇર્ષ્યાગ્નિને તૃપ્ત કરવા અન્યને માથે

છતા વા અછતા આરોપ ઓઢાડે છે, અને કદાચ કર્મયોગે એજ આરોપ પોતાપર આવે છે ત્યારે તેને ઢાંકવા અનેક કુયુક્તિઓ રચે છે; અને કેટલાએક મલીન હૃદયનાં મનુષ્યો પોતાપરનો આરોપ અન્યને માથે પણ ઓઢાડવા ચૂકતા નથી. કેટલી બધી અધમતા !

૨૮ અમુક મનુષ્યમાં અમુક દુર્ગુણ છે તેથી તે મનુષ્યને નિંદવો એ કોઇ રીતે વ્યાજબી નથી. જો તમારે તે મનુષ્યને સુધારવાની ઇચ્છા હોય તો તે મનુષ્યને નહિ પણ તેના દુર્ગુણને નિંદો કે જેથી કદાચ તે મનુષ્ય સુધરી શકે.

૨૯ વાતો કરનાર નહિ પણ કર્તવ્યપરાયણ બનવું એ દરેક મનુષ્યની પ્રથમ ફરજ છે, તે ભૂલવું જોઇએ નહિ.

૩૦ જે ધર્મ કે જે ઇશ્વિર વિધવાનાં આંસુ લૂછી ન શકે અથવા માબાપ વગરનાં નિરાધાર બાળકોના મુખમાં એક રોટલીનો કટકો પણ મૂકી ન શકે તેવા ધર્મ કે ઇશ્વરમાં મને શ્રદ્ધા નથી.

૩૧ આળસ, પ્રમાદ, અને નિંદામાં પસાર થતો વખત જો પરોપકાર કરવામાં, આત્મભાવ પ્રસરાવવામાં

અને કુટીલ પ્રવૃત્તિ દૂર કરવાના ઉપયોગમાં લેવામાં આવે તો પ્રથમ કરતાં લાખો, અરે–કરોડો ગણી કીમ્મત પણ એ વખતની ન થઇ શકે!

૩૨ દુનિયાની કોઇ પણ વસ્તુ એકાન્ત સુખકર કે એકાન્ત દુઃખકર છેજ નહિ; સાકરથી મનુષ્યને શાંતિ મળે છે અને ગધેડાનું મૃત્યુ થાય છે.

૩૩ “ ટાઇમ ઇઝ ગોલ્ડ ” એટલે સમય સોનાનો છે; આવો કિમતી સમય ફરી ફરી નહિ મળે; માટે જ વીર પ્રભુ કહે છે કે “**સમય માત્રનો પ્રમાદ નહિ કર!**”

૩૪ કોઇ પણ વિચાર કે કોઇ પણ કાર્ય એવું નથી કે જેનું પરિણામ (ફળ) ન હોય. જેવા વિચાર જેવાં કાર્યો તેવું જ સારૂં માઠું પરિણામ તો અવશ્ય મળવાનું જ.

૩૫ મીઠી વાણીથી અંજાઇ જઇ કોઇને એકદમ તારો અંતરનો મિત્ર બનાવતો નહિ.

૩૬ કોઇ પણ વસ્તુ અને કોઇ પણ બનાવ એવો નથી કે જેમાંથી ગુણી પુરૂષો ગુણ શોધી ન શકે.

૩૭ ક્રોધથી પ્રીતનો, માનથી વિનય (નમ્રતા) નો, માયા (કપટ) થી મિત્રતાનો અને લોભથી સર્વ સદ્‌ગુણનો નાશ થાય છે એમ વીર પ્રભુ કહે છે.

૩૮ સદ્‌ગુરૂઓ હમેશાં નિષ્કપટી અને નિઃસ્વાર્થી હોય છે, તેથી જ તેઓનો સહવાસ મનુષ્યની જીન્દગીને એક આશીર્વાદરૂપ થાય છે.

૩૯ જેમને લોકો ધનવાન કહે છે તે પર બીલકુલ વિશ્વાસ ન રાખો, તેઓ જીવ્યા કરતાં વધારે મરેલા છે. સ્વભાવે ગરીબ હલકા દરજ્જાના પણ વિશ્વાસ ઉપર જ ઉદયની આશા છે.

૪૦ કૃત્રિમ હોળી માત્ર બાર મહીને ફાગણ શુદ પુનેમની એક જ વાર આવે છે, પણ આધિ, વ્યાધિ, અને ઉપાધિરૂપ હોળી દરેકના હૃદયમાં નિરંતર બળ્યા જ કરે છે તેને ઠારવા કોણ પ્રયત્ન કરે છે?

૪૧ જે માણસ આશાના દાસ થયેલા છે તે જગત આખાના દાસ છે અને જેણે આશાને દાસી બનાવી છે તેની આખી દુનિયા દાસ છે.

૪૨ આપત્તિ-વિપત્તિના વખતમાં મિત્રની, રણયુદ્ધમાં શુરાની, વચનથી વંશની અને નિર્ધનાવસ્થામાં

ઓની પરીક્ષા થાય છે, પ્રસંગ પડ્યા સિવાય સહુ સારા દેખાય એમાં આશ્ચર્ય નથી.

૪૩ જો તું ત્હારૂં બ્રહ્મચર્ય સાચવવાને ઇચ્છતો હોય અને મુક્તિનો અભિલાષી હોય તો સ્ત્રીના સંસર્ગથી અને સ્ત્રીઓની કથાથી હમેશને માટે અલગ રહે.

૪૪ અકાર્યમાં રક્ત તે અંધ, નીતિનાં વાક્યો ન સાંભળે તે બધિર અને જે પ્રિય વચન બોલી ન શકે તેજ મુંગો છે પરંતુ પારકા દોષ જોવાને અંધ, પરાપવાદ બોલવાને મુંગો અને પરનિંદા સાંભળવાને બધીર છે તેજ મનુષ્યો પોતાનું આત્મશ્રેય પુર્ત કરી શકે છે.

૪૫ આંખ એ બાહ્ય જીન્દગાનીનું અમૂલ્ય સાધન છે; તેના કરતાં હજારો ગણું ઉત્તમ આત્મિક જીન્દગીનાં સુખનું સાધન "જ્ઞાન" છે.

૪૬ માનપાનના ભોગી મનુષ્યો મોટા ડોળની વાતો કરી ભોળા હૃદયના મનુષ્યોને ઠગે છે; પણ આત્માર્થી મનુષ્યો પોતાના ઉચ્ચ ચારિત્રથી જગતને સત્ય વસ્તુનું ભાન કરાવી કર્તવ્યપરાયણ બનાવે છે.

૪૭ અશક્ત થયેલ આંખને જેમ ચશ્મા સ્હાય

કરે છે, તેમ નિર્બળ પડેલ મનને સદુપદેશ ટટાર બનાવે છે.

૪૮ પરનિંદા કરવી તે પીઠનું માંસ ખાવા બરાબર છે એમ વીર પ્રભુ ખુલ્લી રીતે કહે છે.

૪૯ મનુષ્ય જીવન સુખમય પસાર કરવાને માટે દરેક મનુષ્યે ઓછામાં ઓછો એક સન્મિત્ર રાખવો કે જે વિપત્તિ વખતે મદદ કરવા તૈયાર થાય.

૫૦ ગમે તેટલું ઉચ્ચ જ્ઞાન પ્રાપ્ત કર્યું હોય પણ જો મનની પ્રવૃત્તિ સુધરી ન હોય અને પરછીદ્રો જોવાની દૃષ્ટિ દૂર થઇ ન હોય તો મેળવેલું (કહેવાતુ) ઉચ્ચ જ્ઞાન ગધેડાને ઉંચી જાતનો મેવો આપવા બરાબર છે.

૫૧ એક દોષ-ભૂલ અનેક અનર્થો ઉત્પન્ન કરે છે.

૫૨ સદ્ અસદ્ વિવેકબુદ્ધિને પૂછતાં અને અંતરથી વિચારતા જે કામ સત્ય અને હિતકર જણાતું હોય તે કાર્યનો ત્વરાથી આરંભ કર, અને તે કાર્ય કરતાં લોકાપવાદ કે ધૂર્ત લોકોના ડરાવ્યાથી ડરીશ નહિ કારણકે હમેશાં સંકટ સંત્યનેજ હોય છે.

૫૩ અન્યને અમુક વસ્તુનો ત્યાગ કરાવવા ઇચ્છતા હો તો તે વસ્તુનો પ્રથમ પોતે ત્યાગ કરવો જોઇએ, કારણકે જેવી છાપ વર્તનથી પડે છે તેવી છાપ વચન માત્રથી પડતી નથી.

૫૪ ડાભની અણીપર જળબિંદુ, સંધ્યાનો રંગ અને પવનના ઝપાટા વચ્ચે દીવો એ ત્રણેની જેવી સ્થિરતા, એથીએ થોડી આ મનુષ્ય જીવનની સ્થિરતા છે, માટે ઝડપથી ધર્મ કર.

૫૫ સારા કામમાં ઘણાં વિઘ્નો આડે આવે છે, માટે બીજા વખતપર મુલતવી રાખ્યા વિના સારાં કાર્ય તો આજે અને અત્યારે જ કર.

૫૬ લાંબા કાળ સુધી જેની સાથે મિત્રતા રાખી હોય અને પછી કોઇ કારણસર તે પ્રીતિ તૂટ્યા પછી મિત્રતાના વખતમાં થયેલ હર કોઇ વાત કહ્યાથી કે એવા કોઇ કારણસર ખુલ્લી કરવી એના જેવી દુનિયામાં કોઇ નીચતા નથી.

૫૭ સંસારમાં માત્ર સગાં વ્હાલાં કે એકાદ કુટુંબની ઉપાધિ હતી તેથી કંટાળી જઇ સંસાર ત્યાગ કરી "આ ક્ષેત્ર મ્હારૂં" "આ શ્રાવક શ્રા-

વિકા મ્હારાં " એમ મમત્વમાં મુંઝાઇ રહેવામાં આવે તો તેના કરતાં સંસારમાં રહી નિર્દોષ જીવન ગુજારાય તો શું ખોટું ?

૫૮ લાયકાત મેળવ્યા પ્હેલાં ઉચ્ચ વસ્તુની અભિલાષા કરી તે મેળવવા પ્રયત્ન કરવો, તે ભીખારીએ રાજમ્હેલની ઇચ્છા કરવા બરાબર છે.

૫૯ દુનિયામાં ગણાતી નીચ જાતિને કદાચ રાજ્ય મળવું હોય તો મળી શકે પણ અભિમાનીને આત્મજ્ઞાન મળવું એ તો " આકાશકુસુમવત્ છે. "

૬૦ જો અરીસો સ્વચ્છ હોય તો જોનારના મ્હોડાના ડાઘ વિગેરે સ્પષ્ટતાથી દેખાય છે, તેવીજ રીતે ઉપદેશકનું હૃદય શુદ્ધ હોય તો શ્રોતાઓ પોતાની ભૂલો ખુલ્લી રીતે જોઇ શકે છે.

૬૧ શોખની ખાતર કરેલી ન્હાની ભૂલો જો કાયમ રહે તો પરિણામે ભયંકર રૂપ પકડે છે, માટે બનતાં સુધી તેમ થવાજ ન દેવું.

૬૨ જે જે દિવસ અને રાત્રિ જાય છે તેમાં માત્ર પા કલાક પણ જો પ્રભુસ્મરણ કે આત્મચિંતન ન થાય તો લાખોના દ્રવ્યની કમાણી છતાં

તે દિવસ-રાત્રિ વ્યર્થજ છે.

૬૩ તું ત્હારૂં હિત ચાહતો હોય તો એવી ટેવ પાડ કે અમુક પ્રસંગે અમુક વસ્તુ તો જોઇએજ, એમ ન હોવું જોઇએ, ગમે તે પ્રસંગે ગમે તે વસ્તુથી ચલાવી લેતાં શીખ.

૬૪ જેટલે અંશે ઉપાધિ વધારે તેટલે અંશે વધારે બ્હીક રહે છે. પણ નિરૂપાધિકને કોઇનો ભય હોતોજ નથી. કેવું સુખ ?

૬૫ ત્હારાથી વિરૂદ્ધ અભિપ્રાયવાળાની વાતને તું તિરસ્કારી કહાડીશ નહિ. પણ એક વાર શાંત ચિત્તથી સાંભળજે કારણકે તેમાંએ કાંઇક સત્ય તો રહેલું હશે, અને છેવટે કાંઇ નહિ તો નવીન અનુભવ તો થશેજ.

૬૬ માણસ કપાળમાં આડા કે ઉભા લાલ કે પીળા ચાંલ્લા કરવાથી સદ્ધર્મી લેખાતો નથી, પણ જેની પ્રવૃત્તિ ઉચ્ચ હોય છે, તે કહાચ બ્હારનો દેખાવ કાંઇ ન રાખતો હોય છતાં તે ઉચ્ચ પ્રવૃત્તિવાળો અભિનંદનીય છે.

૬૭ ધર્મગુરૂઓને જો માત્ર પોતાનુંજ કલ્યાણ

કરી બેસી રહેવું હોય તો એકાન્ત સ્થળમાં રહી તેમ કરી શકે, પણ અનેક જાતનાં દુઃખો વેઠી ગામોગામ વિહાર કરે છે તે માત્ર લોકોનું હિત કરવા વાસ્તેજ, માટે આત્મહિતેચ્છુ મનુષ્યોએ તેઓના ઉપદેશનું ધ્યાનપૂર્વક શ્રવણ કરી યથાશક્તિ તે પ્રમાણે વર્તન કરવા પ્રયત્ન કરવો.

૬૮ સ્વદયા અને પરદયા પીછાણી તેનો યથાવિધિ ઉપયોગ શીખ, અને અન્યને શીખવ, અને તેની સાથે એ પણ હૃદયપટમાં લખી રાખજે કે

परोपकाराय पुण्याय पापाय परपीडनम्

પરોપકાર એજ પુન્ય અને પરપીડન એજ પાપ.

૬૯ આનંદી સ્વભાવમાં બાળક જેવો, વિચાર શક્તિમાં વૃદ્ધ જેવો અને સત્કાર્યોમાં તનતોડ મ્હેનત કરવામાં યુવાન જેવો બની જા. આમ કરવાથી પરિણામે તું એક નહિ પણ અનેક સુંદર ફળ મેળવી શકીશ.

૭૦ વિપત્તિમાં ધૈર્ય અને અભ્યુદયમાં ક્ષમા ધારણ કરતાં શીખ કારણકે બંને અસ્થિર છે તો પછી હર્ષ શોક શામાટે કરવો?

૭૧ સંસારનાં વિધવિધ ચિત્રો જોઇ તેમાંથી સાર મેળવીને જીવન કેવી રીતે ગાળવું તેના કોઇ નિશ્ચય પર આવ કે જેથી આનંદ થાય.

૭૨ આ જગત્માં જ્ઞાનનો સાગર ભર્યો છે અને સાગરના જેમ જૂદા જૂદા ખંડો હોઈ તે જૂદે જૂદે નામે ઓળખાય છે, તેમ જ્ઞાનના જૂદા જૂદા વિભાગો જૂદે જૂદે નામે ઓળખાય છે, તથાપિ તેમાં સઉથી ઉચ્ચ જ્ઞાન આત્મજ્ઞાન છે, તે મેળવવા ખંતથી પ્રયત્ન કર.

૭૩ ભાવિ–નસીબ ઉપર આધાર રાખનાર ભૂખે મરે છે અને માર ખાય છે, ત્યારે ઉદ્યોગી પુરૂષાર્થી મનુષ્યો મહાન લાભો પ્રાપ્ત કરી શકે છે. એટલા માટેજ વિદ્વાનો કહે છે કે–'જે ન કરે બળ તેને ન મળે ફળ.'

૭૪ ધર્મ એટલે પ્રાણી માત્રનું ન્યાયથી, દયાથી હિત કરવું અને સદાચરણથી ચાલવું તે.

૭૫ ચંદનથી અધિક શીતળ, સૂર્યથી અધિક તેજસ્વી અને અમૃતથી અધિક સત્સમાગમનું ફળ છે અને એથીજ શાસ્ત્રકાર કહે છે કે क्षणमपि सज्जन-

संगतिरेका भवति भवार्णवतरणे नौका શું આ અસત્ય છે? ના નહિજ.

૭૬ મનુષ્યોનો આત્મા વાચાશક્તિને લીધે બીજા પ્રાણીના આત્મા કરતાં સુધરતો ગએલો હોવાથી વધારે ઉંચી પંક્તિનો દેખાય છે, કારણકે જ્યાં વાચા છે ત્યાં સમજશક્તિ છે ને સુધરવાનું સાધન છે, પણ સુધરનાર અને સુધારનાર કેટલા?

૭૭ એક મિત્રે બીજા મિત્રપરનું આક્ષેપરૂપ કથન એકાન્ત-ખાનગીમાં પણ સાંભળવું નહિ.

૭૮ સર્વ પ્રકારનો 'પ્રેમ' એજ જીવન છે, તેજ જીવનનો કેવળ નિયમ છે, અને બધી જાતનો 'સ્વાર્થ' એજ જીવનનો અંત-મરણ છે. આ વાત આ લોકમાં તેમજ પરલોકમાં સત્ય પ્રમાણભૂત છે.

૭૯ રાત્રે સુતી વખતે દિવસમાં થયેલ હરકોઇ કાર્યોને યાદ કરી જા, અને એ યાદીમાં જો પુન્ય બાજુ વધેલ હોય તો આનંદ માની, તેવા અને તેથી પણ વધારે ઉપયોગી કાર્ય કરવા ખંતથી પ્રયત્ન કરવા દઢ સંકલ્પ કર; અને જો પાપમય આચરણ વધુ આચરાયું હોય તો તેને માટે અંતરથી પશ્ચાત્તાપ કરી

ફરી તેમ નહિ કરવાનો દૃઢ સંકલ્પ કર અને ઇશ્વર-પ્રાર્થના કર કે ફરી વાર પાપકારી મતિ ન થાય.

૮૦ સ્ત્રી એજ નરકની આપનાર છે એમ માની તેને નિંદની તે સૂર્ય તાપથી મારી નાખે છે માટે તેને નિંદવા બરાબર છે. દુનિયાની કોઇ પણ વસ્તુ સ્વર્ગ કે નરક આપનાર નથી પરંતુ તે વસ્તુપરનો પ્રેમ અને મોહ સ્વર્ગ અને નરક આપનાર છે. માટેજ શાસ્ત્રકાર કહે છે કે, मन एव मनुष्याणां कारणं बंधमोक्षयोः ॥

૮૧ દુનિયામાં ધર્મનું, જ્ઞાતિનું, સમાજનું, દેશનું, કુટુંબનું, અને ખરી રીતે દરેક વ્યક્તિનું અહિત કરનાર અને અધમ દશાએ પ્હોંચાડનાર જો કોઇ પણ વસ્તુ હોય તો માત્ર 'કુસંપજ' છે; માટે જેમ બને તેમ જલદી તેને દૂર કરવા સુખાભિલાષી મનુષ્યોએ સતત પ્રયત્ન કરવો કે જેથી સર્વ પ્રકારનું સુખ પ્રાપ્ત થાય.

૮૨ " મારૂં સાચું " " મારૂં સાચું " એમ દરેક મનુષ્ય ઘણું કરી કહે છે પણ તે વચનપર મોહાઇ જવું નહિ, પરન્તુ ડાહ્યા મનુષ્યનું કર્તવ્ય છે કે ખરૂં શું છે તેની પરીક્ષા કરવી.

૮૩ જ્યાં કોઇ પણ વર્ગ અધિકારરહીત હોય,

જ્યાં ન્યાયપદ્ધતિનો અભાવ હોય, જ્યાં વાત વાતમાં ક્રોધ અને મશ્કરી કરવાનો સ્વભાવ હોય, આત્મશ્લાઘા અને પરનિંદામાં જ આનંદ મનાતો હોય ત્યાં સુખાર્થી મનુષ્યે મૌન ધારવું ઉચિત છે.

૮૪ આજકાલ કરતાં દિવસ ચાલ્યા જાય છે, બીજા ગયા તેમ આજનો દિવસ પણ ગયો અને બીજો દિવસ પણ જશે પણ જે દિવસ ગયો તે ફરી નહિ મળે; જે દિવસ જાય છે તે એમ કહેતો જાય કે " હે મનુષ્ય ! આ સંસાર રંગભૂમિ ઉપર તું કેટલાક દિવસને માટે ખેલ રમત કરવા આવ્યો છે ? તેમાં એક દિવસ હમણાં ઓછો થઇ ગયો " આ વાત ત્હારા હૃદયમાં ઉતરે છે ?

૮૫ જેમની પાસે લડવા માટે શક્તિ કે હથીયાર કાંઈ નથી એવા પાસે તેને બદલે નમ્રતા તો અવશ્ય હોવીજ જોઇએ.

૮૬ તદ્દન અજ્ઞાનીને સમજાવવો સહેલ છે તેમજ પૂર્ણ જ્ઞાનીને સમજાવવો પણ સહેલ છે, પણ અર્ધદગ્ધને સમજાવવા મનુષ્ય તો શું ! પણ બ્રહ્માની પણ તાકાદ નથી.

૮૭ નિર્ધનો! તમે નિર્ધન રહો ને સહૃદયી રહી સુખ ભોગવ્યા કરો. શુષ્ક હૃદયી શ્રીમંતોના ભાગ્યમાં સુખ નથી. તેમની ઇર્ષ્યા કરતા નહિ. એ બિચારાની સ્થિતિ માત્ર દયાપાત્ર છે. નિર્ધનતા એક ગુરૂ છે. એ ગુરૂ તમારી સમીપ સદાય રહો.

૮૮ જીતેન્દ્રિયને તૃષ્ણા, ભય, કે આપત્તિ હોતી જ નથી, એટલું જ નહિ પરન્તુ દુનિયા જીતેન્દ્રિયને વશ થઇ રહે છે.

૮૯ વિદ્યા અને અર્થ મેળવતી વખતે ' હું અજર અમર છું ' એમ ચિંતવવું અને તેજ પળે વિચારવું જે કાળદૂત માથાના કેશ પકડીને ઉભેલો છે માટે ધર્મ કરી લેવું. એમ બન્ને વિચાર સાથે જ રાખવા શાસ્ત્રકાર ફરમાવે છે.

૯૦ જેનામાં શંકા ન હોય, ચિત્ત સ્થિર હોય, દિર્ઘ દૃષ્ટિ હોય, વિવેક હોય, ડહાપણ હોય, બુદ્ધિ હોય, અને શાસ્ત્રનું જ્ઞાન હોય, તેજ વ્યાખ્યાન ઉપદેશ આપી શકે.

૯૧ ગમે તેટલી દુષ્કર તપશ્ચર્યા કરાતી હોય પણ જો મનમાં અભિમાન—મદ રહેલ હોય તો લોઢાની

નાવમાં બેસી દરીયાપાર જવા ઇચ્છવા જેવું છે.

૯૨ દુર્જન માણસ ગમે તેવો સારો દેખાતો હોય પણ પરનિંદા કર્યા વિના તેનાથી રહી શકાતું નથી. કાગડાને ગમે તેવો ઉંચી જાતનો મેવો આપવા છતાં વિષ્ટાને તે ત્યજી શકતો નથી.

૯૩ બુદ્ધિનું સાર્થક તત્ત્વનું વિચારવું, દેહનું સાર્થક તે વ્રતો કરવાં, સંપત્તિનું સાર્થક સુપાત્રે યોગ્ય સ્થળે દાન દેવું અને વચનનું સાર્થક તે સત્ય અને પ્રિયકારી બોલવું તે.

૯૪ કોઇ પણ કાર્ય સાહસથી કે પૂર્ણ વિચાર કર્યા વિના કરવું નહિ, કારણકે સાહસ કામ પરિણામે દુઃખ અને નિરાશા, પશ્ચાત્તાપ અને લોકનિંદા આપે છે.

૯૫ મળેલી સંપદા અને મેળવેલી વિદ્યા જો પરદુઃખ અને માનસિક પીડા કાપવાના કામમાં ન આવે તો મેળવેલી સંપદા પથ્થર તુલ્ય છે, અને મેળવેલી વિદ્યા બકવાદ યાતો ગર્દભને ચંદનના ભાર તુલ્ય છે. એમ શાસ્ત્રકાર ખુલ્લી રીતે કહે છે.

૯૬ દુષ્ટ કર્મ કરતી વખતે ઇશ્વર સમીપ જ છે

અને સર્વ બનાવ જુએ છે—જાણે છે એમ ધારવું, પણ અજ્ઞાનમાં અંધ થઇ કુકર્મમાં મચ્યા રહેવું નહિ.

૯૭ શત્રુને પણ ક્ષમા આપવી એ ઉત્તમ પુરૂષનું પ્રથમ કર્તવ્ય છે. क्षमा वीरस्य भूषणम्.

૯૮ જેમ ઉધાઇ ઝાડના મૂળને ધીમે ધીમે ખાઇને નિર્મૂળ બનાવે, તેવી જ રીતે પાપ અને દ્વેષ રૂપ ઉધાઇ ધર્મ અને પુણ્યને ધીમે ધીમે જડમૂળથી નાબુદ કરે છે, માટે હરકોઇ રીતે પાપ અને દ્વેષને છેટેથી સલામ કરવી બ્હેતર છે.

૯૯ મોક્ષનો માર્ગ બતાવવા દરેક ધર્મના ધર્મગુરૂઓ તૈયાર હોય છે અને અમારામાં જ મોક્ષ છે એમ પ્રતિપાદન કરવા પ્રયત્ન કરે છે, પણ તે દરેકનું સત્ય માની જ્યાં ત્યાં અથડાઇશ નહિ, તેમ જ મૂળ ધર્મમાં રહી બીજા ધર્મના ગુણોની ઉપેક્ષા પણ કરીશ નહિ.

૧૦૦ સમતા, શીલ, સરલતા, સત્ય, સત્સંગ એ સર્વે મુક્તિપુરના ઉત્તમ રસ્તા છે, માટે આ અને પરલોકનું શ્રેય ઇચ્છી અવશ્ય એ રસ્તે ચાલવા પ્રયત્ન કર.

૧૦૧ અંતઃકરણમાંથી જે મનુષ્ય પશુવૃત્તિનું ઉચ્છેદન કરે છે તેજ સાચો મનુષ્ય છે.

૧૦૨ તમારા પોતાનામાં યોગ્યતા લાવો એટલે બીજાની મદદની અપેક્ષા રાખવાની તમને જરૂર નહિ રહે.

૧૦૩ બિચારી ધનહીન અને અશિક્ષિત સ્ત્રીઓને માતૃવત્ પ્રેમથી મળો અને શિક્ષા રૂપી પ્રકાશનું દાન કરો.

૧૦૪ તમે તમારૂં શીલ, તમારો આચાર અને વર્તન એવું સુંદર રાખો કે અન્યને સુધારવાને ઉપદેશ માટે તમારે હોઠજ ઉઘાડવા નહિ પડે અને તેઓને સ્વયંબોધ મળશે.

૧૦૫ ભક્ત પુરૂષો નિર્ધન તથા અન્ય સાધન રહિત અવસ્થામાં પણ બાદશાહી ભોગવે છે, દ્રવ્ય ના હોય તોપણ ભક્તિ લોકોના બાદશાહ બનાવે છે.

૧૦૬ જે આનંદ એકાન્ત સેવન અને અંતર્મુખ રહેવામાં છે એ બીજા કશામાં નથી.

૧૦૭ આ વિશાળ વિશ્વ મ્હારી પર્ણકુટી છે અને પરહિત સાધવું એ મ્હારો પરમ ધર્મ છે, એવી ભાવના આત્મહિતેચ્છુના હૃદયમાં અવશ્ય જોઇએ.

૧૦૮ સત્સંગ, ઉત્તમ પુસ્તકો અને એકાન્ત સે- વનદ્વારા પોતાના સ્વરૂપમાં નિષ્ઠા થાય છે અને પો- તાના સ્વરૂપમાં નિષ્ઠા રહેવાથી સમસ્ત સંસાર દાસ બની જાય છે.

૧૦૯ જેવી રીતે રાજાની સાથે સંધિ કરવાથી એના સર્વ અધિકારીઓ આપણા મિત્ર બની રહે છે, તેવી રીતે પરમાત્માને પ્રસન્ન રાખવાથી સમસ્ત વિશ્વ આપણું પોતાનું થઇ જાય છે.

૧૧૦ સંસારની ખોટી કોડીઓની પાછળ દોડવું એ આપણા માટે વાજબી નથી, અને એ કોડીઓ ન મળે તેથી શોક કરવો એ તો બહુજ ખરાબ છે. પોતાના વાસ્તવિક ધન અને સંપત્તિનો આનન્દ એક વાર તો લઇ જુઓ!

૧૧૧ હમેશાં વસ્તુઓની ઉજળી બાજુ તરફ દૃષ્ટિ રાખો. ગુલાબનું ફૂલ કાંટા વગરનું હોતું જ નથી. આ જગતમાં અસત્ મિશ્રિત સત્ માલુમ પડે છે. સંપૂર્ણ સત્ તો કેવળ પરમાત્મા જ છે.

૧૧૨ જે આંખે ઇશ્વરને નથી જોતી તે ફુટી જાય તોજ ઠીક છે. ધિક્કાર છે એ અંતઃકરણને કે

જે વાસના રૂપી વ્યાધિને ધારણ કરીને પડ્યું છે.

૧૧૩ તમારામાં તમારો સ્વાત્મા, તમારૂં નિર્મળ આત્મસ્વરૂપ, સર્વ જ્યેતિઓની જ્યોતિ, નિર્મળ અવર્ણનિય સ્વર્ગનું સ્વર્ગ, વિરાજમાન છે. તમારો આત્મા સર્વદા સજીવન અસ્તિત્વવાળો, અજર અમર છે, અને તે છતાં તમે રડાકૂટ કરી મૂકીને પોકાર કરો છો એજ આશ્ચર્ય છે.

૧૧૪ તમે પોતે તમને શામાટે નાના, નજીવા, તુચ્છ સમજો છો ? આનંદી, ઉત્સાહી અને સુખી બનો.

૧૧૫ બાહ્ય વસ્તુઓમાં શ્રદ્ધા રાખવાથી તમે નહિ જ તરો. તમારા પોતાના આત્મતત્ત્વમાં શ્રદ્ધા રાખવાથીજ તમારો ઉદ્ધાર થશે.

૧૧૬ જ્યાંસુધી તમે બાહ્ય આકૃતિમાં આસક્તિ રાખતા હશો, ત્યાંસુધી સુખ દુઃખની ઘટમાળમાંથી તમો મુક્ત થઇ શકશો નહિ.

૧૧૭ પોતાના હૃદયમાં શ્રદ્ધારૂપી અગ્નિ અને જ્ઞાનનો દિવ્ય જ્યોતિ પ્રજ્વલિત કર્યા વિના તમે કાંઇ પણ કરી શકશો નહિ.

૧૧૮ પોતાનાં વાક્યોથી બીજાને સહાય કરી

શકતો હોય પણ કાર્યને સમયે ચૂપ રહેતો હોય તે મનુષ્ય રણસંગ્રામમાંથી નાસી જનાર બાયલા સિપાઇના જેટલો જ પાપી છે.

૧૧૯ દુઃખ એ બહારના ટકોરા છે ને સુખ એ અંતરનો આશ્રય છે. સુખ દુઃખના સંમેલનથી જ ચારિત્ર ઘડાય છે.

૧૨૦ અલ્પ તેમજ સત્વગુણી આહારથી ચિત્ત બહુ પ્રસન્ન રહે છે. ગરમ અને વિલંબથી પચે તેવી વસ્તુઓના ખોરાકથી પ્રકૃતિ હમેશાં ખરાબ રહે છે.

૧૨૧ દંભ, દુષ્ટતા, શઠતા, અને દુરાગ્રહ, એ સર્વ નરકના માર્ગો છે, માટે ડાહ્યા મનુષ્યોએ તેને અવશ્ય તજવા જ જોઇએ કે જેથી દુઃખી થવું ન પડે.

૧૨૨ જેનો સંજોગ તેનો વિજોગ તો નિર્માણ થયેલ જ છે, તો પછી સંયોગમાં હર્ષિત થવું અને વિયોગ થતાં રડવું એ મૂર્ખતાનું લક્ષણ છે.

૧૨૩ જ્યાં એક બાજુની દ્રષ્ટિથી જોવાનું હોય અને 'મ્હારૂં તેજ સારૂં' એમ મનાતું હોય (પછી ખરૂં કે ખોટું) ત્યાં અન્ય વ્યક્તિ કે વસ્તુપર દ્વેષ ભાવથી જોવાય એ સ્વાભાવિક જ છે અને એમ

કરવાથી ઘણી અમૂલ્ય વસ્તુઓ તેના હાથમાંથી જવા પામે છે.

૧૨૪ નવીન પદ્ધતિ કે કોઇ પણ રીવાજ પૂર્ણ-પણે દઢ થયો નથી, ત્યાંસુધી જુના રીવાજ કે બં-ધારણને તોડી પાડી અર્ધદગ્ધપણે રહેવું નહિ, પણ નવીન રીવાજને દઢ કરવા પૂર્ણ ખંતથી પ્રયત્ન ક-રવો પણ ત્યાંસુધી જુના રીવાજને ધિક્કારવા નહિ.

૧૨૫ ઘણું કરી વૃદ્ધ પુરૂષોનાં વાક્યો દરેક મ-નુષ્યને લાભકર્ત્તા જ હોય છે અને વિશેષમાં ભવિષ્યનો માર્ગ પણ તેમાં સમાયેલો હોય છે તેથી કરી વૃદ્ધ-વાયક તરફ લક્ષ આપવું જોઇએ.

૧૨૬ ક્ષમા, સંસાર પ્રતિ ઉદાસીનતા, ઇન્દ્રિય-નિગ્રહ, દરેક પ્રાણી પ્રત્યે દયાભાવ, સરખી પ્રીતિ, નિર્લોભ, દાતારપણું, ભય અને શોકરહિતપણું, જેનામાં આટલા ગુણો હોય તેજ જ્ઞાની લેખાય છે.

૧૨૭ સત્ય વાત હોવા છતાં જો પોતાનો પક્ષ નિર્બળ હોય તો અન્યની ઇર્ષ્યા કરવી નહિ અને વાદમાં ઉતરવું નહિ, કારણકે પરિણામે પાછા હઠવું પડે છે. પણ પોતે સત્ય કહે છે એમ સામાન્ય રીતે

લોકદૃષ્ટિમાં આવે એવા પ્રયત્ન કરવા.

૧૨૮ નીતિ એ મનુષ્યનું પરમ ભૂષણ છે, કારણ-કે બ્હારનાં આભૂષણો બહુ તો જીન્દગાની સુધી સુખ આપી શકે પણ નીતિ એ અનેક જન્મમાં આનંદ અને શાન્તિ અર્પે છે.

૧૨૯ દ્વેષ અને વૈર મટાડવાની દવા દ્વેષ નથી પણ પ્રેમ છે, દ્વેષ દ્વેષથી નાશ પામતો નથી પણ પવિત્ર પ્રેમથી જ નાશ પામે છે.

૧૩૦ પ્રેમ એ કર્મ મુક્તિનું અમૂલ્ય સાધન છે, જ્યારે રાગ–મોહ–કર્મ બંધનનું સાધન છે.

૧૩૧ કોઇ કાર્ય (ગુપ્ત જાહેર) એવું ન કરવું કે જેનું પરિણામ આવતાં પોતાને જ પશ્ચાત્તાપ કે દિલગીરી ઉત્પન્ન થાય.

૧૩૨ વાંચન કર્યું ત્યાર જ કહેવાય કે તે વાંચન-માંથી સદ્‌ગુણ પ્રાપ્ત કરી દુર્ગુણ દૂર કરાય. જો એમ નહિ બને તો માત્ર ફોગટનો કાળ ગુમાવ્યો તેજ.

ૐ વીર.

સ્ત્રી હિતશિક્ષા બત્રીશી.

૧ ધર્મઘેલા બની જવા કરતાં ધર્મપ્રેમી થવું સર્વોત્તમ છે.

૨ ફુવડ સ્ત્રીઓ નિંદાને પાત્ર થાય છે, ત્યારે સુઘડ સ્ત્રીઓ લોકોમાં વખણાય છે અને અન્ય સ્ત્રીઓને દાખલા રૂપ થાય છે.

૩ સ્ત્રીઓની ખુબસૂરતી લાજમાં નથી પણ લાજનું રક્ષણ કરવામાં છે.

૪ કરકસરથી કામ કરનાર સ્ત્રીની ગણના ઉત્તમ સ્ત્રીઓમાં થાય છે.

૫ હલકી સ્ત્રીઓના મુખમાંથી હલકાં અને તોછડાં વચનોનો ઉચ્ચાર થાય છે અને ઉત્તમ સ્ત્રીઓ મધુર વાણી ઉચરે છે.

૬ માતાપિતા જેટલો જ સાસુ સસરા પ્રત્યે પૂજ્ય ભાવ રાખવો.

૭ પુત્રી પ્રત્યે પ્રેમભાવ રખાય છે તેવી જ રીતે પુત્રની વહુ પ્રત્યે રાખવો.

૮ અન્યને માથે તહોમત મુક્યા પ્હેલાં એજ તહોમત આપણા પોતાને માથે મુકાય તો કેવું લાગે છે તેનો પુરતો વિચાર કરવો.

૯ પતિ એજ પરમેશ્વર માની તેની આજ્ઞા હરકોઇ જોખમે ઉઠાવવા તત્પર રહેવું.

૧૦ કોઇ પણ કાર્ય એવું ન કરવું કે જેથી પતિ અથવા તો કોઇ વડીલ તે કૃત્યથી નારાજ થાય.

૧૧ સવારમાં વ્હેલાં ઉઠી પવિત્રપણે એક ધ્યાનથી પ્રભુસ્મરણ કરી ઉપયોગી કાર્યમાં જોડાવું.

૧૨ ઘરની કોઇ પણ વસ્તુ અસ્વચ્છ કે જેમ તેમ ન હોવી જોઇએ પણ વ્યવસ્થાપૂર્વક અને સ્વચ્છ હોવી જોઇએ કે જેથી જીવોની ઉત્પત્તિ ન થાય અને અજતના પણ ન થાય.

૧૩ કુટુંબમાં દરેક સાથે હળીમળી ચાલવું તેમજ કોઈ પણ સાથે વૈરભાવ રાખવો નહિ.

૧૪ જરૂરી પ્રસંગ સિવાય કોઇને ઘેર નકામા આથડતાં ફરવું નહિ.

૧૫ દરેક કાર્ય વિચાર અને વિવેકપૂર્વક કરવું પણ સાહસથી કોઇ કામ કરવું નહિ. સાહસ કરવાથી પછી પસ્તાવું પડે છે.

૧૬ જેથી કરી કુળમરજાદાનો અને સાથે નીતિનો ભંગ થતો હોય તેવું કોઇ પણ કાર્ય કરવું નહિ.

૧૭ જેવી સંગત કરીએ તેવી બુદ્ધિ થાય અને બુદ્ધિ પ્રમાણે કામ થાય છે, તો ખરાબ સંગતથી દુર રહેવું.

૧૮ શરીરને સાફ રાખવાની જેટલી મહેનત કરાય છે તેથી વધારે સારા ગુણો વધારવાની મહેનત કરવી.

૧૯ પુત્ર પુત્રીઓને લુગડાં અને ઘરેણાંથી શણગારવા કરતાં વિદ્યાથી શણગારવાં એ ઉત્તમ છે.

૨૦ બાળકોના સાંભળતાં કે દેખતાં એવી વાતો અને એવાં કામ ન કરવાં કે જેથી બાળકોનાં મન ઉપર ખરાબ છાપ પડે.

૨૧ પોતાનાં સંતાનો ખરાબ ન નીવડે અને પોતાની કુખ ન લજવાય એના માટે પુરતી કાળજી પ્રથમથી જ રાખવી.

૨૨ બાળકોનું મન અને શરીર ગંદું ન બની જાય તેના માટે ધ્યાન રાખવું.

૨૩ કોઇને પણ સુખી જોઇને ઇર્ષ્યા કરવી નહિ અને દુઃખી જોઇ રાજી થવું નહિ. સુખ દુઃખ એ સર્વે કરેલાં કર્મનું ફળ છે.

૨૪ જો તમારે માન અને સુખ જોઇતું હોય તો બીજાને માન અને સુખ આપો એટલે તે તમને મળશે.

૨૫ સંકટો સહીને પણ શિયળનું રક્ષણ કરવું એ પવિત્ર સ્ત્રીઓની ફરજ છે.

૨૬ પૂર્વની સતી સ્ત્રીઓનાં ચરિત્ર વાંચી, સાંભળી, હૃદયમાં કોતરી રાખી, તેનું નિત્ય સ્મરણ કરી તે પ્રમાણે વર્તન કરવા પ્રયત્ન કરવા.

૨૭ વાણી હમેશાં સાચી અને મીઠી બોલવી પણ અસત્ય અને કડવી બોલવી નહિ.

૨૮ પરનિંદા કરવી તે પીઠનું માંસ ખાવા બરાબર છે તો પરનિંદાથી અને વિકથાથી જેમ બને તેમ અલગ રહેવું.

૨૯ શ્રીમંતાઇમાં છકી જઇ ઉદ્ધત કે આછકડાં થવું નહિ પણ ગંભીરાઇ અને સાદાઇથી વર્તવું.

૩૦ અન્ય પુરૂષ કામદેવ જેવો સ્વરૂપવાન હોય તોપણ તેને કુબડા સરખો માની તેના સ્હામે દૃષ્ટિ પણ કરવી નહિ.

૩૧ દુ:ખની વખતે ગભરાઇ જઇ હાય વોય કરવું નહિ પણ ધીરજથી તે સ્થિતિમાં પસાર થવું.

૩૨ દુષ્ટકર્મ કરતી વખતે દુષ્ટકર્મનાં ફળ કેવાં છે તેના માટે પુરતો વિચાર કરવો.

" આ વિચાર કે તર્ક તો અમુક અંગ્રેજી પુસ્તકમાંથી ચીતરેલો છે, આ બોધ અમુક સંસ્કૃત ગ્રંથમાં છે, આ શૈલી ચોરેલી છે, એમ કહી વિમુખ દૃષ્ટિ કરીશ મા. જગત અસંખ્ય વસ્તુથી અનાદિ કાળથી ભરપુર જ છે. પ્રથમ જન્મવા ભાગ્યશાળી થયેલા કોઇને તે એક વસ્તુ વહેલી જડી આવી તો પછીથી જન્મેલાને જરા મોડી જડી આવી અને કોઇએ શોધેલી વસ્તુને સુંદર પોશાકમાં શણગારી તે શૃંગારકળાના માનની અપેક્ષા વિના નવા રૂપમાં મુકવી એમાં શું

મોટું ? માત્ર એટલું જ જો, કે તેમાંથી તું કાંઇ ગ્રહણ
ારવા જેવું શોધી શકે છે ? ”

પ્રિય મહાશય !

‘મધુમક્ષિકા’ના લેખકના ઉપલા વિચારો ધ્યાનથી
ાંચી ત્હારા હૃદયમાં ઉતાર અને તેમ કર્યા પછી આ
સદુપદેશ કુસુમમાળા’ માંના કોઇ પણ કુસુમથી
ાને દ્રવ્યથી કે ભાવથી લાભ થશે તો આ લેખકનો
ાયાસ સફળ થયો મનાશે. દુનિયામાં કોઇ પણ વસ્તુ
ાવીન તો છેજ નહિ પણ એક બીજાના રૂપાંતર થયાં
ારે છે. તેમ આ પણ એક રૂપાંતરજ છે, પણ એથી
ારી તું આની ઉપેક્ષા કરીશ નહિ, કારણકે તેમ
ારવાથી કદાચ ત્હારા લાભની વાત ત્હારા હાથથી
ાતી પણ રહે; માટે ધ્યાનથી વાંચ, વિચાર અને
ાે યોગ્ય લાગે તો તે પ્રમાણે વર્તન કરવા યથા-
ાક્તિ પ્રયત્ન કર, એ જ **લેખકની ઇચ્છા છે.**

આ કુસુમમાળા તૈયાર થયા પછી જે જે મ-
ાાશયોએ સુધારી આપવાની તકલીફ લીધી છે તે
ાાટે આ લેખક તેમનો પૂર્ણ આભારી છે. તે આ-

બારનો બદલો વાળવા શક્તિ પ્રાપ્ત થાય એજ અંતર-
ની ભાવના છે.

लाधाजिस्वामिशिष्येण ।
छोटालालेन योजिता ॥
अष्टाधिकशतरत्नेयं ।
सदुपदेशमालिका ॥ १ ॥

ॐ शान्तिः शान्तिः शान्तिः

પુષ્પની માળા જેમ સૌંદર્ય,
સુગંધ અને આરામ બક્ષે છે,
તેમ આ સદુપદેશ કુસુમમાળા
કીર્તિ, ગુણ અને ચિત્તશાન્તિ
બક્ષે છે.

મનોવિચાર.

લલિત.

જગત જાળના ખ્યાલમાં ગરી,
કદિ ન નાથની બંદગી કરી;
રાગ દ્વેષના સિંધુમાં પડ્યો,
પરમ ધર્મનો મર્મ ના જડ્યો. ૧
અરથ કામમાં તે મતિ જડી,
મમત મોહના બંધમાં પડી;
કરમ કાન્ડના બંડમાં અડ્યો. પરમ. ૨
ધરમ મોક્ષથી દૂર દોડીયો,
ભરમ ભાવનો દાવ જોડીયો;
ઠગત વેશ લૈ અસત્ય બડબડ્યો. પરમ. ૩
કલપના વડે કાળજું ભર્યું,
બળતરા થઇ કામ ના સર્યું;
અરર! અર્થ ના એક સાંપડ્યો. પરમ. ૪
વિષય વાસના પાસમાં પડી,
લાભ લોભની સિડીએ ચડી;
નિકટ બંધનો ધંધ તેં ઘડ્યો. પરમ. ૬

વિફળ પ્રેમના ઘાટ તેં ઘડયા,
કુટિલ દોષને અંતરે જડયા;
સદ્‌ગુણી થતા હેઠ લડથડયો. પરમ. ૬
સકળ સૃષ્ટિના ઇષ્ટ હે વિભુ,
તપત દેહના આપ છો વિધુ;
સેવક આપનો શરણમાં પડયો. પરમ. ૭

પ્રવાસી મુનિ.

પશ્ચાત્તાપ.

(મંદાક્રાન્તા)

હા ! પસ્તાવો વિપુલ ઝરણું સ્વર્ગથી ઉતર્યું છે,
પાપી તેમાં ડુબકી દઈને પુણ્યશાળી બને છે !
ઓહો ! કેવું સ્મરણ મધુરું પાપનું એ ધરે છે !
માફી પામ્યું કુદરત કને એમ માની ગળે છે !
રાજ્યોથી કે જુલમવતી કે દંડથી ના બને જે,
તે પસ્તાવો સહજ વહતા કાર્ય સાધી શકે છે !
હું પસ્તાયો, પ્રભુ ! પ્રણયીએ માફી આપી મને છે,
હું પસ્તાયો, મુજ હૃદયની પૂર્ણ માફી મળી છે !

કલાપી.

આપની યાદી.

જ્યાં જ્યાં નઝર મારી ઠરે યાદી ભરી ત્યાં આપની;
આંસુ મહીંએ આંખથી યાદી ઝરે છે આપની !
માશુકોના ગાલની લાલી મહીં લાલી અને
જ્યાં જ્યાં ચમન જ્યાં જ્યાં ગુલો ત્યાં ત્યાં નિશાની આપની !
જોઉં અહીંયા આવતી દરિયાવની મીઠી લહર,
તેની ઉપર ચાલી રહી નાજુક સવારી આપની !
તારા ઉપર તારા તણા ઝૂમી રહ્યા જે ઝુમખા,
તે યાદ આપે આંખને ગેબી કચેરી આપની !
આ ખૂનને ચરખે અને રાતે હમારી ગોદમાં,
આ દમ બદમ બોલી રહી ઝીણી સિતારી આપની !
આકાશથી વર્ષાવતા છો ખંજરો દુશ્મન બધા;
યાદી બનીને ઢાલ ખેંચાઇ રહી છે આપની !
દેખી બૂરાઇ ના ડરૂં હું શી ફિકર છે પાપની ?
ધોવા બૂરાઇને બધે ગંગા વહે છે આપની !
થાકું સીતમથી હોય જ્યાંના કોઇ ક્યાં એ આશના,
તાજી બની ત્યાં ત્યાં ચડે પેલી શરાબી આપની !
જ્યાં જ્યાં મીલાવે હાથ યારો ત્યાં મીલાવે હાથને,

અહંશાનમાં દિલ ઝુરતું રહેમત ખડી ત્યાં આપની !
પ્યારૂં તજીને પ્યાર કોઇ આદરે છેલ્લી સફર,
ધોવાઇ યાદી ત્યાં રડાવે છે જુદાઇ આપની ?
રોઉં ન કાં એ રાહમાં બાકી રહીને એકલો ?
આશકોના રાહની જે રાહદારી આપની !
જૂનું નવું જાણું અને રોઉં હસું તે તે બધું,
જૂની નવી ના કાંઇ તાજી એક યાદી આપની !
ભૂલી જવાતી છો બધી લાખો કિતાબો સામગ્રીઃ
જોયું ન જોયું છો બને જો એક યાદી આપની !
કિસ્મત કરાવે ભૂલ તે ભૂલો કરી નાખું બધી;
છે આખરે તો એકલી ને એજ યાદી આપની !

કલાપી.

પ્રેમીની સ્થિતિ.

(રામ લક્ષ્મણ વનમાં સીધાવતા–એ રાગ)

રાખો પ્રેમ પ્રતીત ઉરે અતિ, જેથી ભવદુઃખ
સઘળાં ભુલાય, શાંતિ સહુ થાય
પ્રેમે સદા રાચીએ. ૧

પ્રેમ હોય ત્યાં અંતર છે નહિ, હોય કદીય ન
વૈર વિરોધ, સદા સદ્બોધ; પ્રેમે. ૨
પ્રેમભાવથી સમભાવ ઉપજે, સામ્ય વિના
નહિ સમકિત, માનોને ખચીત; પ્રેમે. ૩
ક્લેશ દ્વેષ એ પ્રેમથી દૂર છે, દૂર છે સહુ
કુટિલ સ્વભાવ, ઉરે ન વિભાવ; પ્રેમે ૪
પ્રેમી દુઃખી ન કોઇને જોઇ શકે, દુઃખી દુઃખીને
હૃદય ચિરાય, ચરર બળી જાય; પ્રેમે ૫
શક્તિઓ સૌ તન–મન–ધનતણી, પ્રેમી તેનો
કરે પરમાર્થ, એમજ સાધે સ્વાર્થ; પ્રેમે ૬
પ્રેમી હૃદયે દયા ભરપુર છે, પ્રેમી સત્ય વચન
વદનાર, કુડો ન લગાર; પ્રેમે ૭
વસુધૈવ કુટુંબ છે એહને, અંતર માંહેથી હું
દુર થાય, મમત મરી જાય; પ્રેમે ૮
પ્રેમી હૃદયે અસૂયા ન ઠેરતી, દોષ દષ્ટિ એને
નવ હોય, સદા શુભ જોય; પ્રેમે. ૯
મુક્ત–ભૂમિનો પરમ એ મંત્ર છે, પ્રેમે થાય
છે કર્મનો અંત, તુટે ભવતંત; પ્રેમે ૧૦
પ્રેમ હોય તો ઇશ્વર ઢુંકડા, પ્રેમ દુર તો

ઐશ્વર્ય દુર, જાણોને જરૂર; પ્રેમે. ૧૧
સર્વ–સદ્દગુણનું મૂળ "પ્રેમ" છે, મૂળ દુર્ગુણનું
છે 'રાગ', કરો તેનો ત્યાગ; પ્રેમે ૧૨
લઘુલાલજી મુનિ કહે પ્રેમથી, સહુ આનંદ
મંગળ થાય, વિપદ્ વિલાય; પ્રેમે ૧૩
મુનિ છોટાલાલજી.

જીવન વૃથા ગયું.

હરિગીત.

જન્મી અહીં સંસારમાં રે શું તમ્હે લ્હાવો લીધો?
નિજ સ્વાર્થ પ્રાપ્તિમાંજ, જન્મારાતણો જોવ્યય કીધો?
શું જીવનનું સાફલ્ય સઘળું, સ્વાર્થમાં આવી રહ્યું?
ના ના ભણે મુજ હૃદય આ, સ્વાર્થી જીવન એળે ગયું. ૧
સામર્થ્ય હો, સૌન્દર્ય હો, સમૃદ્ધિ કે સામ્રાજ્ય હો,
બુદ્ધિ વિદ્યા કે કીર્તિ હો, કે ઇષ્ટ સિદ્ધિ સર્વ હો,
ના ના નહિ કંઇ કામનું, પ્રેમે ન જો દિવ્યજ બન્યું,
પ્રેમ એકજ સત્વ હું તું પ્રેમ જાતાં સહુ ગયું. ૨
જો સ્નેહિને જોઇ સુખી, તમ હૃદય સુખમય ના થયું,

જો દેખી દુઃખી અન્યને, તમ હૃદય દુઃખે ના દ્રવ્યું,
કદિ શબ્દથી—કદી કર્મથી સુખ ના દીધું—દુઃખ ના હર્યું,
શા કામનું જીવ્યું તમારૂં ? જીવી જગમાં શું કર્યું ? ૩
કદિ પ્રેમથી બોલ્યા નહિ, કદિ પ્રેમથી ચાલ્યા નહિ,
કદિ પ્રેમમાં ડોલ્યા નહિ, કદિ પ્રેમમાં મ્હાલ્યા નહિ,
ધિક્કાર છે તો જીવનને, એથી વધારે શું કહું ?
ચાહ્યું કદિ નહિ કોઇને, જીવ્યું વૃથા તો તો ગયું. ૪
પ્રેમ સાચી દેવસેવા, પ્રેમ એ ભક્તિ ખરી,
નહિ પ્રેમ સમ પૂજા બીજી, પ્રેમેજ રાચે શ્રી હરિ,
પરમ ધર્મજ પ્રેમ છે, એ તત્વ જો ના અનુભવ્યું,
જન્મ્યું—જીવ્યું કે ભોગવ્યું, સર્વે—ખરે—ધુળમાં ગયું. ૫

ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા
બી. એ. એલ. એલ. બી.

સ્નેહ સૃષ્ટિ.

શિખરિણી.

જનો જૂંડા જ્યારે કપટમય ભાવો પરિહરે,
અને જ્યારે હૈયે પ્રણય રસ વેગે વહિ રહે;

સહુ પ્રેમો જ્યારે અચળ મૃદુ ને શુદ્ધ નિવડે,
ખરે ત્યારે તારા ગગનપર શા પ્રોજ્વળ હશે ? ૧
ભૂંડાં વાક્યો, જ્યારે પ્રણયી જનનાં ચુમ્બન બને,
ભરી દૃષ્ટિ ક્રોધે વિમળ શુભ સ્નેહેથી ચળકે;
અહા ! ત્યારે તો આ ભૂમિ નકી અલૌકિક બનશે,
અને લોકો "એવી અમર નથી કો" એમ ગણશે. ૨
દુઃખી બંધુઓનાં દુઃખ મનુજ ના સાંખી શકશે,
અહું હું ના એને વચન કટુ એવાં ન વદશે;
તૃષા પીડ્યા ભૂખ્યા ગરીબ જનને સ્હાય મળશે,
અને પોતાના સૌ શિરપર રહ્યા ભાર ટળશે. ૩
જનો ક્રોધી જ્યારે ક્ષણ ક્ષણ મહીં ના સ્ફુરકશે,
સદા આ સંસારે પ્રણય સરિતા શાન્ત સરશે,
વિરક્તાત્મા તેયે નિજ હૃદય દૌર્બલ્ય ત્યજશે;
અને કર્તવ્યોથા પરમ પ્રભુને નિત્ય ભજશે. ૪
પ્રભુની સૃષ્ટિને અબળ થઈને ના અવગણે,
સ્મરીને કર્તવ્યો જન સુખ પ્રતિ ઉત્સુક બને;
ખિલેલાં પુષ્પોની મધુર ખુશબો ત્યાં પ્રસરશે,
અને શીળો વાયુ સુખદ સુરભિ નિત્ય વહેશે. ૫
જનો આનંદી થઈ હસિત વદને જ્યાં વિહરશે,

અને દુઃખો ભુલી સરળ હૃદયે કાર્ય કરશે;
પ્રીતિ ને નીતિ ત્યાં વિનય થકી પ્રેમે પ્રણમશે,
અને સૌંદર્યોના અખીલ જગતે મંડપ થશે. ૬

વિવાહોના જેવો સકળ સ્થળ આનંદ ઝળકે,
રૂડાં સ્વપ્નો જોઇ જનવદન શાં ત્યાંજ ચળકે;
પતિ પત્નીને જ્યાં અધમ ગણીને ના પજવશે,
નિરાધારા બાળા અબળ નવ નિઃશ્વાસ મૂકશે. ૭

થયું જે થાવાનું થયું નહિ થયું ના કદિ થશે,
સ્મરી તેને સાધુ નિજ હૃદય ના દુઃખિત કરે;
મનુષ્યો વૈરી થઈ નહિ તુમુલ યુદ્ધો મચવશે,
કટાશે શસ્ત્રો ને અસિ રહી દિવાલે લટકશે. ૮

અહા ! ત્યારે નક્કી પ્રતિદિન પ્રકાશે ઝળકશે,
અને નેનોમાં ત્યાં નવીન કાંઇ દીપ્તિ ચળકશે:
પ્રભૂએ સંગીત–શ્રવણ કરવા ધ્યાન ધરશે,
"મનુ"નું જીવ્યું તે સુખમય અને દિવ્ય બનશે. ૯

મોહનલાલ પાર્વતીશંકર દવે
એમ. એ. એલ. એલ. બી.

વ્હાલાંઓને.

સાંભળજો વ્હાલાંઓ વચનો દીનનાં,
દીનપણું છે પરમ દયાનું પાત્રજો;
મોટો એ અધિકાર તમારો માનવી,
અધિકારી છો જેના માનવ માત્રજો. સાંભળ. ૧
એક પિતા પરમેશ્વર જાણો આપણો,
નિકટ સગાંઓ સ્હમજો ભાઇ બ્હેનજો;
નીકો ન્હાની-મોટી જે જીવો તણી,
વહતું તેમાં એક અખંડિત વ્હેનજો. સાંભળ. ૨
હસનારાઓ સાથે હસવાનું ઘટે;
રડનારાની સાથે રડવું તેમજો,
એક બીજાનાં આંસુડાંઓ લૂછતાં,
ઊંચા ચડશો સ્ત્રી પુરૂષો સૌ એમજો. સાંભળ. ૩
ભૂતદયા છે ધર્મ બધાના મૂળમાં,
સઘળાએ સંતોનો એ ઉપદેશ જો;
દિવ્ય દયાસાગર યાચંતા આપજો,
દીન જનોને, અમને એનો લેશજો. સાંભળ. ૪

મણિશંકર.

હમારો ભેખ.

(ગઝલ)

નહિ કાળાં નહિ ભગવાં, નહિ ઝોળી નહિ કફની,
નહિ માળા નહિ તસ્વી, હમારો ભેખ ન્યારો છે.
હમારાં શાસ્ત્ર છે જૂદા, હમારા મંત્ર છે જૂદા;
પ્રભુના પ્રેમની પોથી, હમારો વેદ ન્યારો છે.
બધી આલમ હસે અમને, ભલે નિન્દે લઇ તોયે,
હમારો જાન દેવામાં, હમારો યોગ ન્યારો છે.
દયા, શ્રદ્ધા, ક્ષમા, સેવા, હમારા મંત્ર એ ચારે,
ગજાવીશું ખુણે ખુણે અહાલેક એ અમારો છે.
રહ્યા અસ્થિ જ દુનિયામાં, બધું ચેતન ગયું ઉડી,
તે અસ્થિને જગાવામાં હમારો ઇલ્મ ન્યારો છે.
પ્રભુને રંગ રંગાઈ, ધર્યા છે કેશરી વાધા,
ઝુકાવ્યું શિર તો મરવું, હમારા જંગ જૂદા છે.
હમારા વેદ ને ઇંજીલ, હમારા મંદિરો મસ્જીદ,
હમારા યોગ ને યજ્ઞો, હમારૂં સર્વ જૂદું છે.
હમારી ખાકની મુઠી, ઉડાવીશું બધે ચોગમ,
હમારે રંગ–રંગીશું હમારો એજ દાવો છે.

નર્મદાશંકર બાલાશંકર.

વિરામાવસ્થા.

(ગઝલ)

પ્રભુનું નામ પ્યારૂં છે, તમે લ્યો તો તમારૂં છે,
અને ત્યાં આપણું એ છે, પ્રભુનું નામ જે લે છે.
પ્રભુનું નામ બોલાશે, પછી ત્યાં આપણું થાશે,
અમારૂં ને તમારૂં એ, જુદા શબ્દો તુટી જાશે.
પ્રભુમાં ચિત્ત જો જાશે, સુખેથી ઐક્ય તો થાશે,
ગુણો એના બધા ગાશે, જીવન તેનું સફળ થાશે.
પ્રભુનાં ગીતડાં ગાશે, ભવાબ્ધિ તે તરી જાશે,
તમારા ને અમારામાં, તણાતા તે બચી જાશે.
પ્રભુના ગુણુ જે ગાશે, પ્રભુમાં તે ભળી જાશે,
અહા ! એ દિવ્ય જ્યોતિમાં, લઘુ જ્યોતિ શમી જાશે.

તફીલ.

પ્રભુભક્તિ.

(ગઝલ)

પ્રભુ ભજ પ્રીતથી પ્રાણી, સમય સોના સમો જાણી
સમય આવ્યો રખે ચૂકે, ન અન્તે કાળ તો મૂકે. ૧

અરે ! જે જાયું તે જાશે, ફના આ ખેલ સા થાશે
ન ગાફલ યાર તું રહેજે, સજીને સાર તું લેજે. ૨
નથી શોભા હમેશાંની, જુવાની છે ન રહેવાની
જુવાની એ દિવાની છે, ખુવારીની નિશાની છે. ૩
ગયા ત્હારી પહેલાં જે, જણાતા તે નથા આજે
વિચારી તું દિલે જોને, ખુવારી તારી તું ખોને. ૪
ગયા જોગી ગયા ભોગી, ગયા સાજા અને રોગી
ગયા રાજા અને રંકા, ગયા સિદ્ધા અને બંકા. ૫
કળી છે ફુલની ખીલી, ખીલી છે જ્યાં લગે લીલી
પડી સૌ પાંખડી ઢીલી, થશે કરમાઇને વીલી. ૬

કદરદાની.

(ગઝલ)

લીધી જેણે ગરીબોની, ખબર તેણે બધું કીધું
કીધી જેણે ગુણીઓની, કદર તેણે બધું કીધું. ૧
બજારોમાં નથી મળતી, રહમ કિંવા કદરદાની
જીગરનું નૂર છે એ તો, નથી વસ્તુ તમાસાની. ૨

નથી શું મોતી ને હીરા, ખલક કેરા ખજાનામાં
પરંતુ આબ જેનામાં, જરૂર તેની જમાનામાં. ૩
તવારીખો ઘણી વાંચી, અમીરો બાદશાહોની
રહી ગઈ લીટીયો તેની, ખરા ખોટા ખીયાલોની. ૪
સફર સૌ એ ભવાબ્ધિમાં, કરે છે જીવ જંતુઓ
સફળ પણ થાય છે તેની, ગહન છે જ્ઞાન તંતુઓ. ૫
સુવાસિત પુષ્પની ખુશબો, નથી છાની રહેવાની
વિવિધ સ્થાને પવનદ્વારા, ખચીત એ તો પ્રસરવાની. ૬
કરે છે નેત્ર બે નીચાં ખરા દાતાર જવ દે છે
ગણી સ્રજનારનું પોતે મુખે લજ્જા ધરી લે છે. ૭
હૃદયનો હાથ લઇ કાને, નમાવે પાત્ર જે પુણ્યનું,
વિવેચન શું પછી કરવું ? કહો, એના મહદ્ ગુણનું? ૮
ભલે વખણાય દાતારો, જગતમાં મેઘ વૃત્તિના
પ્રશંસાપાત્ર પણ દાતા ખરેખર કુંપ વૃત્તિના. ૯
વદે છે શ્યામ સુ૧ દુર્લભ ખબર લેવી ગરીબોની
ધનાઢ્યોએ ભલા મનથી કદર કરવી ગુણીઓની. ૧૦

દુર્લભ શ્યામ ધ્રુવ.

પશ્ચાત્તાપ.

(ગઝલ)

અરે! ધિક્કાર છે હું ને! બન્યો પાપી! બન્યો પાપી!
પિતાના સ્નેહની આંખો મહીં શૂળી અરે! આપી!
તરફડું ધુળમાં હાવાં, બદનપર લાખ સારૂં ખાક!
છતાં ના આગ હોલાતી! બન્યો પાપી! બન્યો પાપી!
પડ્યો કંગાળ હું મેળે, નઝરથી પાપને જોતા!
સળગતા નીચ ખાડામાં, બન્યો પાપી! બન્યો પાપી!
પિતા! આ પાપથી રક્ષો, શરણુ માગું! દયા બક્ષો!
અરે! હું નિચ શું માગું? બન્યો પાપી! બન્યો પાપી!
છતાં માગું! પિતા માગું! સઝા માગું ક્ષમા માગું!
અને તે નૂરની ઝાંખી, પડેલો દાસ ના ત્યાગું.

કાન્ત.

હોળી અને હેલી.

(ગઝલ ભેરવીની ધુનમાં)

સળગી રહી હોળી બધે આધિ ઉપાધિ વ્યાધિની
ત્હેમાં બળે સંસારીઆ દુષ્કર્મના સંતાપથી;

કુદરત તણો કાનુન જ્યાં ના ચાલતું કાંઇ તહીં,
પ્રારબ્ધનાં ફળ ભોગવ્યા વિણુ સિદ્ધિ બીજી છે નહિ.
શાને બળાપો તો કરો? શાને બીજાને દોષ દ્યો?
સળગાવી હોળી હાથથી તો, હાથથી તે હોલવો,
શોધતા શિદ આશરો બળતા તણો બન્ધુ ત્હમે?
જાતેજ જે આગે બળે બીજાની તે શું બુઝવે?
વર્ષાવજો સત્કર્મથી સર્વત્ર હેલી શાન્તિની,
કે ઠાર જો દિલ દાઝતા દુષ્કર્મની હોળી મહીં;
દુષ્કર્મ હોળી કારમી સત્કર્મ હેલી રસભરી,
એક બાળે એક ઠારે कर्मणो गहना गतिः

ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

પોતા તણું પોતે હણે.

(ભેરવી-ગઝલ)

દુનિયા મહીં છે ના છુરી જે કાચને કાપી શકે,
પણ કાચની હીરાકણી પોતા તણું પોતે હણે!
નહિ અન્ય ધાતુ કાષ્ટ કે પાષાણ કાપે લોહને,
જુઓ છીણી લોખંડની પોતા તણું પોતે હણે!

વિષ જે ચઢયું વછનાગ કે સોમલ તણું ના ઉતરે
ગુણ છે દવા ઝેરી મહીં પોતા તણું પોતે હણે !
ગર્મીતણું જે દર્દ તે ઉપચાર શીતળથી વધે
પણ ઉષ્ણ ઉપચારો જુઓ પોતા તણું પોતે હણે !
ચારી જનેતા પેટ વીંછુ બાળ લેતાં જન્મને
પાળ્યા તણો બદલો દીએ પોતા તણું પોતે હણે !
કંઇ ના પડી પરના જનોને પરતણી દરકાર છે
ધન મદ મહીં અંધા બન્યા પોતા તણું પોતે હણે !

વૈકુણ્ઠ.

તેથી શું થયું ?

(ભૈરવી-ગઝલ)

મોટાઇ મોટી મેળવી મોટા ગણાયા વિશ્વમાં
મોટું ન રાખ્યું મન પછી મોટાઇ રાખ્યે શું થયું ?
નિજ ઘરનું ઠેકાણું નહિ દેખાવ દે ગૃહસ્થાઇનો
અક્કડ થઇ ફક્કડ ફરે એ રોફ રાખ્યે શું થયું ?
ઉપરનો આડંબર ધરી વાણી વદે સાકર ધરી
ભોળા ફસાવી રંકને ઉજળા ફરેથી શું થયું ?
ભભકાભર્યાં વસ્ત્રો સજ્યાં નિજ આબરૂ ધુળ મેળવી,

માણી મજા મિત્રો સહિત એ દંભ રાખ્યે શું થયું ?
લઇ લાડીને સાથે ફર્યા ગાડી મહીં ખુબ ઠાઠથી,
માડી બીચારી વલવલે એ ઠાઠ રાખ્યે શું થયું ?
કૉલર લગાવી કોટમાં નાકે ધર્યા ચશ્મા વળી
ફેશનની શીસીયારી મહીં મશગુલ રહેથી શું થયું ?
નાણું કમાયા નેહથી પૈસા ઘણાએ મેળવ્યા,
દમડી ન દીધી દીનને તો જર જમાવ્યે શું થયું ?
ગંગા અગર જમુના જળે ન્હાયા ધરી મન હર્ષમાં,
મન મેલ જો ધોયો નહિ તો સ્નાન કીધે શું થયું ?
ગાંજો, તમાકુ, ભાંગ કે દારૂ પીને વ્યસની બન્યા
એક રામરસ ચાખ્યો નહિ તો વ્યસન કીધે શું થયું ?
જીવિત પિતાની લાગણી કિંચિત્ નહિ મનમાં ધરી,
મુઆ પછીથી શ્રાદ્ધ કે તર્પણ કરેથી શું થયું ?
પંડિત બની નિજ પુત્ર કે પર પુત્રનેય પઠાવતા,
નિજ ભૂલનું નહિ મૂળ તો પંડિત થયેથી શું થયું ?
ગરજ સુધી સાથે રહે સરતા અલગ થાતા પછી,
નિમકહરામી મનુષ્ય એવા હોય નહિ તો શું થયું ?

રમુજી.

સેવાધર્મની ભાવના.

(મંદાક્રાન્તા)

ચાલો મિત્રો પરહિત તણું કામ આજે કરીશું,
દુઃખી જે જે નજર પડતા દુઃખ તેનાં હરીશું;
શાન્તિ દેવા જિગર બળથી સ્વાર્થનો ભોગ આપી,
રૂઝાવીશું હૃદય વ્રણને દુઃખના હેતુ ટાળી. ૧
આંસુડાં જે નયન ઝરતાં લુછીશું નિજ હસ્તે,
સીંચીશું ત્યાં પ્રણયબળની વારિધારાજ પ્રીતે;
શોકે ડુબ્યું વદન નિરખી શાન્તિ તેને દઇશું,
નિમિત્તે જે ઉદ્‌ભવ થયો શોક તે વેડફીશું. ૨
અજ્ઞાનીના તિમિરપટનો ભંગ કરવા નિમિત્તે,
વિદ્યાનાં જે પ્રબળ કિરણો ફેંકીશું શુદ્ધ ચિત્તે;
દેખી જીવો બળહીન જગે ધીરીશું વીર્ય ખંતે,
જેથી તેઓ ધૈરજ ધરીને ચાલશે યોગ્ય પંથે. ૩
લોકો માંહે નિરખી અશુચિ દ્વેષ તો ના ધરીશું,
દૃષ્ટાન્તોથી શિખવી શુચિતા મેલ છૂપો હરીશું;
જ્યાં જ્યાં જેવી જરૂર પડતી સેવનાની અમારી,
ત્યાં ત્યાં તેવી અમ હૃદય તો આપશે સેવ ભારી. ૪

સેવા–સેવા અવની તળમાં ધર્મ બીજો ન જાણું,
સેવા–સેવા રટણ કરીને કાર્યમાં તેજ આણું;
સેવાનો છે વિકટ રસતો તોય તેને ગ્રહીશું,
પ્રાણીસેવા કરી સુગુરૂના માર્ગમાં વિચરીશું. ૫

મણિલાલ નથુભાઇ દોશી બી. એ.

દયામાં સ્વાર્થ છે ત્હારો !

(કવ્વાલી–ગઝલ)

ગરીબો આશરો લેવા,
પસારે હાથને જ્યહારે;
અનાદર તેહનો થાયે,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૧

શરમથી ના શકે બોલી,
જનો એવા દીઠા જ્યહારે;
નઝર ખેંચી ગયો ચાલ્યો,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૨

દુઃખી અબળા નિહાળીને,
હ્રદય ચિરાતું ભાળીને;
નહિ આશ્વાસનો આપ્યાં,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૩
નયનથી અશ્રુની ધારા,
વહેતી જોઇ તું રહેતો;
ન લુછ્યું એક પણ અશ્રુ,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૪
અવાચક પ્રાણીઓ લાખ્ખો,
મનુષ્યો મારતા નિત્યે;
બચાવા દિલ નહિ વાધ્યું,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૫
જગતની ઉન્નતિ અર્થે,
કીધો નહિ જ્ઞાન-ફેલાવો;
રહ્યો મત-પંથ કે લોભે,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે ! ૬
જગતના સેવકો મરતા,
મદદ વિણ કામ અથડાતા;

બની ના સ્હાય ત્હારાથી,
ત્હને ધિક્કાર છે ત્ય્હારે! ૭
બિચારા જીવ એ ભોળા!
ખરો તું સ્વાર્થ ના સમજ્યો!
ઉપેક્ષા દાનની કરવે,
પ્રભુનો માર્ગ ના જાણ્યો! ૮
વિચારો ને વચનથી બહુ,
વળી દ્રવ્યે અને દેહે,
દયા કર તું, દયા કર તું!
દયામાં સ્વાર્થ છે ત્હારો! ૯

મુનિ શ્રી છોટાલાલજી.

પ્રભુની ઓળખાણ.

(ગઝલ)

પ્રભુનું નામ જો લે છે પ્રભુ તે શું? શિખી લેજે;
વૃથા નહિ કાળને ખોજે, પ્રભુને ઓળખી લેજે. ૧

પ્રભુનું રૂપ આવું છે, પ્રભુનું મુખ આવું છે;
પરિમીત એહને કરતાં ભલો થઇ દૂર તું રહેજે. ૨
પ્રભુએ આ કર્યું છે ને, પ્રભુએ આ કર્યું છે ના;
હજારો હાથવાળાની એવી હદ બાંધતાં ડરજે. ૩
પ્રભુનો ના પ્રભુ તું થા! પ્રભુના શર્ણમાં રહી જા;
નકારે ના પ્રભુ તું ગા કરી બસ એટલું લેજે. ૪
પ્રભુ શું ? ને પ્રભુ શું ના ? કહી તું ના શકે કો દી;
ગનીમત જે મળ્યું માની, સદા સંતોષમાં રહેજે. ૫
પ્રભુ છે ક્રાઇસ્ટ ને મહમદ, પ્રભુ છે બુદ્ધ ને જરથુસ્ત;
પ્રભુ છે પીર પયગમ્બર સદા એવું ગ્રહી લેજે. ૬
પ્રભુ છે રામ ને રહીમાન પ્રભુ છે કૃષ્ણ—પરશુરામ;
પ્રભુ છે જિન ને અરિહંત સહુને એ કરી દેજે! ૭
જગતમાં નામ છે જે જે, પ્રભુનાં છે બધાં તે તે!
પ્રભુના નામની માળા પૂરી એ રીતથી કરજે. ૮
પ્રભુ છે સર્વમાં સરખો, પ્રભુ છે સર્વને સરખો;
પછી તું આ પ્રભુ આ ના કદી એવું નહીં કે'જે. ૯
પ્રભુ છે શબ્દ ને શક્તિ પ્રભુ છે કાવ્યનો આત્મા;
બનીને કાવ્યથી તન્મય પ્રભુને ત્યાં કળી લેજે. ૧૦
પ્રભુ છે યજ્ઞ રૂપે ને પ્રભુ છે દ્રવ્ય આહુતિ;
બની આ જગતમાં એવો પ્રતીતિ તું કરી લેજે. ૧૧

પ્રભુ છે દીનનો બેલી કરે છે વ્હાર એ વહેલી;
ભળીને એ ભલાઇમાં પ્રભુને પારખી લેજે. ૧૨
પ્રભુ છે વિશ્વની હસ્તિ પ્રભુ છે પ્રેમની મસ્તી;
ઉદાસીની ઉદાસીમાં પ્રભુને પારખી લેજે. ૧૩
પ્રભુ છે બોળીયું બુલબુલ, પ્રભુ છે ગુલ હજારી ગુલ !
પ્રભુ છે ઇશ્કની મેના કરી 'યાહોમ' ત્યાં જોજે. ૧૪
અધમને તારનારો એ ગરીબો પાળનારો એ;
અપંગ ઉગારનારો એ પ્રભુ ત્યાં જોઇ તું લેજે. ૧૫
પડે જ્યાં આંખથી આંસુ દ્રવે જ્યાં ઉર છલકાતું;
પ્રભુના તખ્તની ત્યાં ત્યાં, નીશાની જોઇ તું લેજે. ૧૬
મીલાવે હસ્ત જ્યાં મિત્રો મીલાવે ઉર જ્યાં આશક;
હૃદયના તાર જ્યાં કંપે પ્રભુને ત્યાં નિહાળી લે. ૧૭
પ્રભુ વિદૂરને પળીયે પ્રભુ સબરીની ઝુંપડીયે;
સ્થળો એવાં નિહાળીને પ્રભુને મેળવી લેજે ! ૧૮
પ્રભુ ડાહ્યા તણો છેલ્લો પ્રભુ ઘેલાતણો પહેલો;
બની ઘેલો થઇ વહેલો મજા તું જોઇ ત્યાં લેજે. ૧૯
વિભૂની આ વિભૂતિને નइति એટલું કહેજે;
પ્રભુના અંશમાં આખા જગતને જોઇ તું લેજે. ૨૦

સંચિત.

અમારી મસ્ત ફકિરી.

ગઝલ.

ફકિરીમાં સખીરી મેં ભરી આજે મજા કેવી ?
અમિરી ને ફકિરીમાં મળી આજે રજા કેવી ? ૧
ફિકર ધુંટી કરી ફાકી તમન્ના શી હવે બાકી ?
શરીરે ત્યાગની કફની ચ્હડાવી ત્યાં કજા કેવી ? ૨
ખલકને જાણતા ફાની પછી પરવાહ તે શાની ?
નથી દરકાર દુનિયાની મળે તે ક્યાં મજા એવી ? ૩
પીઓ પ્યાલા ભરી પાઓ કરીને જ્ઞાનનો કાવો
અમિરીનો ધરી દાવો ફકિરીમાં મજા લેવી ! ૪
કદી મુખમલ તણી શય્યા કદી ખુલ્લી ભૂમિ મૈયા
કદી વ્હેતી મૂકી નૈયા તરંગોની કજા લેવી ! ૫
કદી ખાવા મળે લાડુ કદી ખાવા પડે ઝાડુ
રગશિયું દેહનું ગાડું ઉપર ભગવી ધ્વજા કેવી ? ૬
કદી છે શાલ–દુશાલા કદી લંગોટ ને માલા
કદી હો ઝેરના પ્યાલા મળે તેવી મજા લેવી ! ૭
ધર્યા છે કેશરી જામા કર્યા કાષાયનાં કપડાં
તજી સંસારના ભામા કજામાંથી મઝા લેવી ! ૮
ભર્યા છે જ્ઞાન ધન ભાથાં ઝુકાવે શાહ પણ માથાં
જગતનો ગમ સદા ખાતાં ગમીને જ્યાં રજા દેવી ! ૯

ખુશી આફ્રત મૂકી સાથે ધખાવી હોળીયો હાથે
બીજાના દુઃખની માથે ખુશીથી જ્યાં સજા લેવી ! ૧૦
જગત જીત્યું અલખ નામે અચળ એ રાજને પામે
નમાવી સર–કદમ સ્હામે ઉભા ત્યાં દેવ ને દેવી ! ૧૧
અમિરીની મજાં મીઠી ફકિરીમાં અમે દીઠી
ન કરવી ચાકરી ચીઠી સ્પૃહાને જ્યાં રજા દેવી ! ૧૨
થયા જ્યાં એક ઇશ્વરથા પછી શી ગાંઠ ઘર ઘરથી ?
જગાવ્યો પ્રેમ પરવરથી શલાકા સ્નેહની સેવી ? ૧૩

વસન્ત.

પ્રભુ શું પૂછશે ?

ભૂજંગી

તમે કેટલા બંગલાઓ બનાવ્યા
તમે કેટલા દામ ગાંઠે બચાવ્યા
ચલાવી તમે કેટલી ત્યાં દુકાનો
પ્રભુ તે તમોને નથી પૂછવાનો. ૧
તમે કેટલી રોજ ચીરૂટ ફુંકી
તમે કેટલી વાપરી ચ્હાય ભૂકી
તમે ચાવતા કેટલાં રોજ પાનો, પ્રભુ૦ ૨

કઇ જાતના પ્હેરતા બુટ જોડા
ઘરે રાખતા કેટલા ગાય ઘોડા
હતા કેટલા ગાડી ને ગાડીવાનો, પ્રભુ૦ ૩
તમે કેટલી બાઇ ભાષા ભણ્યા છો
બી. એ. એમ. એ. એમ. ડી. શું થયા છો
થયા જે. પી. છો ચાંદ સી. આઇ. ઇ. નો, પ્રભુ૦ ૪
કઇ જાતના બાળતા ઘેર લેમ્પો
કઇ જાતની વાપરી બેસ્ટ કેપો
બીજો ડ્રેસ કેવો હતો પહેરવાનો, પ્રભુ૦ ૫
તમે કેટલાં વસ્ત્ર ભેળાં કર્યાં છે ?
કઇ જાતનાં અત્તરો વાપર્યાં છે ?
તગ વાપર્યાં પાન ગુલાબદાનો, પ્રભુ૦ ૬
તમે કેટલાં નાટકો ખેલ જોયા ?
તમે સરતમાં કેટલા દામ ખોયા ?
લીધો લ્હાવ શું સરતમાં જીતવાનો ? પ્રભુ૦ ૭
ઉનાળે હવા સારૂ કયે ઠામ જાતા
તમે રેલવેમાં કયો વર્ગ લેતા
કરી કેટલી મીજબાની જુવાનો, પ્રભુ૦ ૮
મુલાકાત લીધી તમે હોટલોની ?
ભાંગી ગરદનો કેટલી બોટલોની ?
લવેન્ડર અને સેન્ટની શીશાઓની, પ્રભુ૦ ૯

તમે કેટલું દીનને દાન દીધું?
ગરીબો તણું શું તમે હિત કીધું?
દઇ અન્ન પોષ્યા ભુખ્યા જનસાનો
પ્રભુ તે તમોને નક્કી પૂછવાનો.

શુભને સદા આવકાશ છે.

(હરીગીત.)

છોને સનાતન પ્રશ્ન કૈં દિઙ્મૂઢ તુજ દિલને કરે,
છો વર્તમાનની ગ્રન્થિઓ તુજ ઉરને ગુંચવ્યા કરે,
છો હોળીઓ વ્યવહારની જંજાળની સળગ્યા કરે,
તું સેવજે બન્ધુ! તથાપિ મીઠી સાત્વિક શાન્તિને. ૧
છોને પ્રલોભન પાસ કૈં મીઠા મનોહર પાથરે,
છોને નિરંકુશ નિન્દકો નિન્દા સદૈવ કર્યા કરે,
છોને અચિંતિત અન્તરાયો રોધતા તુજ પન્થને,
તું ધારજે બન્ધુ! તથાપિ નિત્ય નિશ્ચલ ધૈર્યને. ૨
શાને થવા દે વ્યાપ્ત તું શોકાભ્રથી ઉર વ્યોમને?
શાને નિરાશાગ્રસ્ત થૈ નિઃશ્વાસ તું મૂકયા કરે?
જોને શુભાશયિ ચિત્તને દેવી ઉભી કૈં આશ દે!
અવકાશ છે, અવકાશ છે, શુભને સદા અવકાશ છે. ૩

ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

આશા ન હોય.

(હરિગીત.)

" દુનિયા તણા દુઃખ ટાળવા કૈં કૈં પ્રયાસો આદર્યા,
રે ! બેકદર દુનિયા છતાં કરતી જરી દરકાર ના;
શાને અરે ! અજ્ઞાન જન સેવા ન મુજ સ્વીકારતા,
શાને હશે વ્યાપી રહી દુનિયા મહીં અકૃતજ્ઞતા ? "
ફરિયાદ એ બન્ધુ ! કદી અધીરો બની કરતો નહિ,
માને ન શું કૃતકૃત્યતા સેવેચ્છુ જન સેવા મહીં;
નાદાન બાળક માતના શુભ આશયો સમજે નહિ;
શું માત માટે વ્હાલસોયી બાલને તરછોડતી ?
દુઃખાન્ધ દર્દી નિજ હિતૈષી વૈદ્યને સો ગાળ દે,
શું ધર્મપ્રેમી વૈદ્ય તેથી દર્દીને મરવા દીયે ?
નિષ્કામ સેવા સ્નેહમય બન્ધુ સદૈવ કર્યે જજે,
સેવા તણા સ્વીકારની આશા ન શોભે સ્નેહને.

ચંદ્રશંકર નર્મદાશંકર પંડ્યા.

વૃદ્ધોપદેશ.

(રાગ-સોરઠ)

થઇ આખર મૂરખ ચેત હવે અવસાનમાંરે. એ ટેક.

જુવાનીની અંધ ચમકમાં, ગર્વની ટોચે ચડચો ખલકમાં,
પલક પલકમાં રમિયો મદ મેદાનમાંરે. થઇ૦ ૧
વનિતાને તું પરવશ પડિયો, વિષયાતુર થઇને લડથડીયો;
સમય ખોઇ આથડીયો વેશ્યા ગાનમાંરે. થઇ૦ ૨
દોલત પામી દમામ ઘણેરો, રાખ્યો તેં કેવડાવા વડેરો;
પાઇ ગણી તેં વેરો સુકૃત જ્ઞાનમાંરે. થઇ૦ ૩
સલગાવ્યા હોકા ને સગડી, ભાંગ ઘણી તેં નિશદિન રગડી;
બુદ્ધિ તારી બગડી મદીરા પાનમાંરે. થઇ૦ ૪
લટકે ચટકે પગ તું ધરતો, સત્ય વચન તો કહિ ન ઉચરતો;
વર થઇ ફરતો જુગટીયાની જાનમાંરે. થઇ૦ ૫
મારૂં મારૂં કરીને મરતો, નોકરપર બહુ રોષ તું ધરતો;
ઉન્મત થઇ વિચરતો ધનના ધ્યાનમાંરે. થઇ૦ ૬
હાટ હવેલી મહેલ બંધાવ્યો, અતિ ઉંડો પાયો નંખાવ્યો;
નિજ પાયો ન વિચાર્યો મદ મસ્તાનમાંરે. થઇ૦ ૭
જુવાનીનો વખત ગુમાવ્યો, કેવળ અઘ અંબાર કમાયો;
ઘરડો તોય ગણાયો છે સેતાનમાંરે. થઇ૦ ૮
પહોર હવે પાછળનો આતો, અરધ ઘડી દિવસ છે જાતો;
અસ્ત થતો દેખાતો રે રે ભાનમાંરે. થઇ૦ ૯
અંત લગી માયા નવ છોડી, ફૂટ ફૂટી ઉદારિક હાંડી,
મતિ થઇ ગાંડી રડી પડચો નુકશાનમાંરે. થઇ૦ ૧૦

નરભવ ખોઇ નરકે પડશે, જમના હાથ સપાટે ચડશે,
આંખ ઉઘડશે ત્યારે સમજીશ સાનમાંરે. થઇ૦ ૧૧
ઓગણીશ બાસઠ સાલ ઉલાસે, માસ આષાઢે શુક અમાસે,
રત્ન પ્રકાશે પદ આ રહીને થાનમાંરે. થઇ૦ ૧૨
પંડિત મુનિરાજ શ્રી રત્નચંદ્રજી સ્વામી.

ગુરૂવંદન અને સ્તુતિ.

લાધાજી સ્વામીને નમું ગુણધારી,
હારે ગુણ ધારીરે, ગુણ ધારી;
હારે સેવ્યા જાય પાતિક દુઃખ ભારી,
હારે દીઠા આનંદ થાય. લાધાજી. ૧
નયનિક્ષેપ જ્ઞાનના ધરનારા,
હારે સદ્‌બોધના કરનારા;
હારે પાખંડીના મદ ગાળનારા,
હારે શાંતિ દાતા સદાય. લાધાજી. ૨
બોધ આપતા સૂત્રનો શુભ પ્રીતે,
હારે પંચાચાર પાળે રૂડી રીતે;
હારે સમભાવે રહેજ સુચિત્તે,
હારે ગુરૂ તારણ જહાજ. લાધાજી. ૩

જન્મભૂમિ કચ્છ ગુંદાળા વખણાણી,
હારે ઓસ વંશ શોભાવ્યો પ્રમાણી;
હારે જેણે તાર્યાં અનેક ભવ્યપ્રાણી,
હારે આપી જ્ઞાન સમજ. લાધાજી. ૪
વાંકાનેર ત્રણના વૈસાખ માસે,
હારે દીક્ષા લીધી દેવજી સ્વામી પાસે;
હારે ભણ્યા આગમ ગ્રંથ ઉલાસે,
હારે રાખી ચિત્તથી દાઝ. લાધાજી. ૫
પરમારથ બુદ્ધિ રાખીને જ્ઞાન દીધું,
હારે મુનિ વૃંદે વિશેષ રસ પીધો,
હારે રૂડી રીતે સુઉપકાર કીધો,
હારે તેજસ્વી મહારાજ. લાધાજી. ૬
એમ અનેક શુભ ગુણના ધારી,
હારે પાર નાવે મુખેથી ઉચ્ચારી;
હારે વંદું પ્રેમથી વાર હજારી,
હારે ગુણ મણિ શિરતાજ. લાધાજી. ૭
પ્રહ ઉગમતે ચિત્તમાં નામ ધારી,
હારે ભવિ વંદો પ્રેમ વધારી;
હારે વીર મુનિની અર્જ સ્વીકારી,
હારે આપો અવિચળ રાજ. લાધાજી. ૮

મુનિ શ્રી વીરજી સ્વામી.

છેલ્લો ઉપદેશ.

વાંચો અને વિચારો !

વ્હાલા વાંચક !

'મનુષ્ય માત્ર ભૂલને પાત્ર છે' એમ દરેક મનુષ્ય કહે છે, એટલુંજ નહિ પણ પોતાની ભૂલોને દબાવવા–થયેલી ભૂલોનો બચાવ કરવાને પણ એજ સૂત્ર કામે લગાડે છે. પરન્તુ જ્યારે બીજા મનુષ્યની ભૂલો જોવામાં આવે છે તે વખતે કોણ જાણે તે ઉપરોક્ત સૂત્ર ક્યાં જતું રહે છે, તે સ્હમજાતું નથી ! અજ્ઞાનતા કહો કે વૈર કહો તે ઉત્પત્તિનું મૂળ આજ છે, અન્ય કશું નહિ, ટુંકી દૃષ્ટિ અને અન્યની ભૂલો જોવાની ટેવ એજ વૈરને જન્મ આપનાર છે. આવા પ્રકારનો વેરભાવ જો કે પ્રથમ બહુજ ટુંકા પ્રમાણમાં હોય છે, પણ જેમ જેમ સમય જતો જાય છે, તેમ તેમ જો અન્યની ભૂલ અને કાર્યનો આશય સમજવામાં લક્ષ ન અપાય અને દોષદૃષ્ટિ દૂર ન થાય તો પછી તે વૈરભાવ ભયંકર પરિણામ પકડે છે અને છેવટે એકજ પિતાના પુત્રો એક બીજાના કટ્ટા દુશ્મનો બની તુમુલ યુદ્ધ મચાવે છે, લોહીની નદીઓ વહેવડાવે છે અને

આ દૈવી ભૂમિને ' રાક્ષસી ભૂમિ ' બનાવે છે અને પોતાની તેમજ અન્યની પાયમાલીનું બીજ રોપે છે, જેનાં કડવાં ફળો ભવિષ્યની પ્રજા ભોગવે છે અને તે પણ પાયમાલ થાય છે. આ શું ઓછી ખેદકારક બીના છે ? હરગીજ નાહ.

સુખાર્થી મનુષ્યોએ આવી ભયંકર પાયમાલીનું મૂળ–દોષદ્દષ્ટિથી જેમ બને તેમ અલગ રહેવું જોઇએ જેથી કરી પોતાનું અને પરનું અહિત થતું અટકે.

જ્યારે જ્યારે અન્યની ભૂલો–દોષો જોવામાં આવે ત્યારે તેવાઓ પ્રત્યે તિરસ્કાર બતાવવાને બદલે વિશુદ્ધ પ્રેમ બતાવવો જોઇએ, પરન્તુ આજે તો ઘણું કરી અન્યની ભૂલો જોવામાં આવી, પછી ભલે તે ઘણીજ ન્હાની હોય અથવા મ્હોટી હોય પણ ભૂલ દીઠી કે તુર્તજ તેને તો સગાંસ્નેહી, સજ્જન કે દુર્જન ઘણું કરી બધાય એક યા બીજા રૂપમાં ઉતારી પાડવા પ્રયત્ન કરે છે, તેને નિંદે છે, લોક દૃષ્ટિમાં તેના સદ્‌ગુણો છુપાવી દુર્ગુણ આગળ ધરી સ્થળે સ્થળેથી તેનો તિરસ્કાર થાય તેવા પ્રયત્નો થાય છે. તેની સાથે બોલવું નહિ, તેની સાથે લેવા દેવા નહિ, તેને કોઇ પણ પ્રકારની મદદ નહિ, તેના પ્રત્યે દયા જેવી લાગણી નહિ. અહા !

આ તે મનુષ્યની કેટલી બધી જડતા ! પરમ કૃપાળુ સમર્થ વ્યક્તિએ તો પાપીમાં પાપી અને અધર્મી—જુલ્મી તરીકે લેખાતાને તારીને—તેનો તિરસ્કાર કર્યા વિના મહાન પુરૂષો બનાવ્યા છે. ત્યારે તેના જ પુત્રો આજે એક બીજાની ન્હાની સરખી ભૂલ પણ જોઇ શકતા નથી. એના જેવી નિર્દયતા બીજી કઇ કહેવાય ? બીજાની ભૂલો જોવામાં આવતાં અને તેનો તિરસ્કાર થતાં ભૂલો કરનારની લાગણી ઉશ્કેરાઇ જાય છે અને અન્ય મનુષ્યો પ્રતિ ધિક્કાર વૃત્તિ ઉત્પન્ન થાય છે તેમજ વધારે ભૂલો કરવાની પ્રવૃત્તિમાં પડે છે. એક વિદ્વાને કહ્યું છે તે સત્ય જ છે કે "મનુષ્યને થોડી ભૂલો-માંથી વધારે ભૂલો કરાવનાર અને દોષ તેમજ જુલ્મના ખાડામાં ઉતારી પાડનાર બીજું કોઇ નથી પણ નિંદક અને દોષગ્રાહી મનુષ્યો જ છે અને એવા નિંદકો આ દૈવી પૃથ્વીને રાક્ષસી પૃથ્વી બનાવે છે." આ સોનેરી શબ્દોને અસત્ય કહેવા કોણ હિંમત કરશે ? કોઇ પણ ધાતુનું વાસણ કેટલોએક વખત એમનું એમ પડયું રહે અને તેથી તેને કાટ લાગી જાય પછી તે વાસણને જોઇ " આને તો કાટ લાગી ગયો છે, આ તો ખરાબ થયું છે" એમ કહી તે વા-

સણુની ઉપેક્ષા કરી તેને સુધારવા પ્રયત્ન ન થાય તો પ-
રિણામે તે વાસણુનો લાંબા સમયે મદંતર નાશ થાય;
પણુ તે વાસણુને કાળજીપૂર્વક દરરોજ માંજવામાં
આવે તો એક વખત એવો પણુ આવે કે જે વાસણ
ખરાબ હતું તેજ સુંદર બને અને તેનો ઉપયોગ ક-
રવાની હોંસ થાય છે. તેવીજ રીતે મનુષ્યને કોઇ
પણુ જાતના સંજોગોને લીધે કાટ લાગ્યો ત્યારે તેનો
તિરસ્કાર થાય તો તેને પોતાની ભૂલ સુધારવાનો
અવકાશજ ન મળે પણુ તેના પ્રત્યે કાળજી રાખી તેને
સદુપદેશથી સુધારવામાં આવે તો તે મનુષ્ય એક વ-
ખતે મહાન્ પુરૂષ બની શકે એ તદ્દન સંભવિત જ
છે. એક ઠેકાણે મ્હેં વાંચ્યું છે કે "**આજનો ઉ-
ત્તમોત્તમ જીવ અને આજનો અધમાધમ જીવ
સમય જતાં અવસ્થાન્તરને પામે છે.**" મનુ-
ષ્યની બાહ્ય અને આભ્યંતર સ્થિતિ હમેશાં એક
સરખી રહેતી જ નથી, તો પછી આપણે આજે અ-
ન્યની હાંસી, નિંદા, અને તિરસ્કાર કરીયે છીયે
પણુ કદાચ કર્મસંયોગે એવી જ કે એથી પણ
વધારે ભયંકર ભૂલો આપણે પોતે જ કેમ નહિ
કરીયે એની ખાત્રી શું ? આપણું સંપૂર્ણ જી-

વન કોઇ પણ જાતની ભૂલ વિનાનું જશે એને માટે જામીન કોણ ? કોઇ નહિ. ગ્રામ્ય કહેવત છે કે 'ઢાંક્યા કર્મની કોને ખબર છે ?' કોઇને નહિ. તો પછી બીજાઓ પ્રત્યે–બાજાની ભૂલો પ્રત્યે શામાટે વિચાર સરખો પણ કરવો જોઇએ ? એક તો આ મનુષ્ય જીવનની સ્થિતિ અલ્પ અને વળી અનિશ્ચિત, એવા જીવનમાં પોતાનું આ દુનિયાનું અને બીજી દુનિયાનું હિત કરવાને બદલે, પરોપકાર કે એવા કોઇ જીવન સાર્થક કરનાર કાર્યો કરી તેમાં જીવનની પૂર્ણતા કરવાને બદલે પારકી ભૂલો અને દોષો જોઇ તેઓની નિંદા વગેરે કરી આ અમૂલ્ય જીવન નિરર્થક ગુમાવી અધોગતિ હાથે કરી શામાટે વ્હોરવી જોઇએ ? ટુંકામાં એજ કે અન્ય મનુષ્યનાં બ્હારનાં કાર્યો જોઈ એકદમ તેને માટે હલકો મત બાંધવો નહિ પણ તેના વિચારો, આપણી દૃષ્ટિએ હલકા જણાતા કામનો આશય અને કાર્યનો ઉદ્દેશ પુરેપુરો સમજવા પ્રયત્ન કરવો અને કાર્ય કરનારનો આશય પૂર્ણ સમજાય ત્યારપછી જ જે કાંઇ અભિપ્રાય બાંધવો હોય તે બાંધવો. 'પણ એમાં શું ? આ તો દેખીતી રીતેજ હલકું છે,' વગેરે

પણ સાહસ કરવું નહિ. વખતે એમ સાહસ કરતાં આપણીજ ભૂલ કાં થતી ન હોય? માટે દરેક કાર્ય—દરેક વાક્યનો ઉચ્ચાર બહુ જ સંભાળથી અને સાવચેતીથી કરવા પ્રયત્ન કરવો અને ઘણી તપાસને અંતે કદાચ કોઇનાં કાર્યો એકદમ હલકાં જ જણાય તો આપણે તેનાથી દૂર રહેવું પણ તેની હલકાઇ કરવા ઉદ્યમ કરવો નહિ અને એટલા માટે જ વિદ્વાનોએ કહ્યું છે કે 'લેવાય તો ગુણ લેજે પણ દુર્ગુણ લેઇશ નહિ.' 'બોલાય તો સત્ય અને પ્રિય બોલ પણ અસત્ય અને અપ્રિય બોલીશ નહિ.' 'થાય તો કોઇની પણ ભક્તિ કરજે નહિતર દૂર રહેજે પણ અભક્તિ કરી તારી પાયમાલીનું બીજ રોપીશ નહિ.' આ શબ્દો દરેકના હૃદયમાં કોતરાઇ રહે અને પરલક્ષી મટી સ્વલક્ષી બની આત્મશ્રેય કરે એ જ પ્રભુપ્રાર્થના! અસ્તુ.

પ્રાણી માત્રને સુખી જોવાને ઉત્સુક
મુનિ છોટાલાલજી.

સમાપ્ત.

श्री भक्तामर-मंत्र-माहात्म्य

આ ગ્રંથમાં બે ખંડ પાડેલા છે જેમાં
પહેલો ખંડ મુનિ શ્રી છોટાલાલજીને હ
લખાયો છે, તેમાં ભક્તામર સ્તોત્રના જુ
જુદા શ્લોકોના પાઠથી કોના કોના ઉપર
આપત્તિઓ દૂર થઈ તે દર્શાવનારી પ્રાચી
સમયની ચમત્કારિક કથાઓ છે અને મૂ
શ્લોક તથા તેના અર્થો છે. બીજા ખંડ
પ્રત્યેક શ્લોકના મંત્રના પાઠ, જાપ, જંત્ર
તૈયાર કરવાનો વિધિ, જંત્રોની આકૃતિઓ,
તેથી થતું ફળ, અને મંત્રોની અપૂર્વ શક્તિ
દર્શાવનારો 'મંત્રશક્તિ' વિષેનો નિબંધ છે.
પૃષ્ઠ ૨૪૦, પાકું પૂંઠું, મૂલ્ય રૂ. ૧.

ચુનીલાલ વર્ધમાન શાહ,
સારંગપુર, તળીયાની પોળ,
અમદાવાદ